RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર


# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 106, Dt.13-07-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# જમ્મુ-કાશ્મીરમાં પણ દિલ્હીની જેમ ઉપરાજ્યપાલ સર્વેસર્વા !



## મોદી સરકારે આગામી સમયમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી દિલ્હીની જેમ જમ્મુ-કાશ્મીરને ખંડીયુ રાજ્ય બનાવી શકાય તે માટે ઉપરાજ્યપાલને સત્તા આપીઃ આ સુધારાથી ઉપરાજ્યપાલની શક્તિ વધી જશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મોદી સરકારે જમ્મુ-કાશ્મીરને લઈને મોટો નિર્ણય લીધો છે. વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખતાં સરકારે જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાની શક્તિ વધારી દીધી છે. જમ્મુ-કાશ્મીરમાં થોડા સમય બાદ વિધાનસભા ચૂંટણી થવાની છે. તે પહેલા મોદી સરકારે જમ્મુ-કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, ૨૦૧૯ની કલમ ૫૫માં સુધારો કર્યો છે. તે બાદ અધિકારીઓના ટ્રાન્સફર પોસ્ટિંગનો અધિકાર ઉપરાજ્યપાલની પાસે થશે.

આ સુધારાથી પોલીસ અને જાહેર વ્યવસ્થાથી સંબંધિત મામલામાં ઉપરાજ્યપાલની શક્તિ વધી જશે. તેમના કામ કરવાનો વિસ્તાર પણ વધી જશે. લગભગ તમામ ક્ષેત્રોમાં તેમને તે તમામ અધિકાર મળી જશે, જેમાં નાણા વિભાગની પૂર્વ સંમતિની જરૂર હોય છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સૂચના જારી કરીને તેની જાણકારી આપી છે. જેમાં ક્રાફ્ને વધુ શક્તિ આપતાં નિયમ જોડવામાં આવ્યા છે.

જમ્મુ-કાશ્મીર પુનર્ગઠન અધિનિયમમાં સંશોધન બાદ પોલીસ, પબ્લિક ઓર્ડર, ઓલ ઈન્ડિયા સર્વિસ અને એન્ટી કરપ્શન બ્યૂરો સંબંધિત પ્રસ્તાવો પર નાણા વિભાગની સંમતિ વિના નિર્ણય લેવાનો અધિકાર ઉપરાજ્યપાલની પાસે રહેશે.

૪૨અ- ડિપાર્ટમેન્ટ ઓફ લો, ન્યાય અને સંસદીય બાબતોના વિભાગોમાં વકીલ-એડવોકેટ જનરલ અને અન્ય અધિકારીઓની નિમણૂકના પ્રસ્તાવને મુખ્ય સચિવ અને સીએમ દ્વારા ઉપરાજ્યપાલની સમક્ષ રજૂ કરવામાં આવશે. ૪૨ઇ- કાર્યવાહીની મંજૂરી આપવા કે અસ્વીકાર કરવા કે અપીલ દાખલ કરવાના સંબંધમાં કોઈ પણ દરખાસ્ત કાયદા વિભાગ દ્વારા મુખ્ય સચિવના માધ્યમથી ઉપરાજ્યપાલની સમક્ષ મૂકવામાં આવશે. મોદી સરકારના આ નિર્ણય પર નેશનલ કોન્ફરન્સના ઉપ પ્રમુખ ઉમર અબ્દુલ્લાએ સવાલ ઉઠાવ્યા છે. જમ્મુ કાશ્મીરના ઉપ રાજ્યપાલને વધુ શક્તિઓ આપવા પર તેમણે કહ્યું કે હવે નાનીથી નાની નિમણૂક માટે ભીખ માગવી પડશે નહીં. જમ્મુ-કાશ્મીરને રબર સ્ટેમ્પ મુખ્યમંત્રી જોઈએ નહીં. જમ્મુ-કાશ્મીરના લોકો શ્રેષ્ઠ સીએમના હકદાર છે.

# ૭ રાજ્યમાં યોજાયેલી વિધાનસભાની પેટા ચૂંટણીમાં શાસક અને વિપક્ષ વચ્ચે કસોકસનો જંગ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભાની ચૂંટણીના આંચકાજનક પરિણામો બાદ ૭ રાજ્યોમાં યોજાયેલી ૧૩ વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણીનો આજે સવારથી પ્રારંભ થયો હતો. પ્રાથમિક ટ્રેન્ડમાં ભાજપ-કોંગ્રેસ-આપ-જેડીયુ જેવા પક્ષોના ઉમેદવારો સરસાઇ ધરાવતા હોવાના સંકેત સાંપડયા છે. જોકે પશ્ચિમ બંગાળની બેઠકોના પરિણામ પણ મીટ માંડવામાં આવી રહી છે.

૭ રાજ્યોની ૧૩ વિધાનસભા બેઠકો પર યોજાયેલી પેટા ચૂંટણીની આજે સવારથી મત ગણતરી શરૂ થઇ હતી અને તેના પ્રાથમિક ટ્રેન્ડ આવવાનું શરૂ થઇ ગયું હતું. બિહારની રૂપોલી બેઠક પર જનતા દળ(યુ)ના ઉમેદવારને પ્રારંભિક સરસાઇ હોવાનું જાણવા મળ્યું છે. હિમાચલ પ્રદેશની દેહરા સીટ પર ભાજપ અને હમીરપુર બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર સરસાઇ ધરાવતા હોવાના નિર્દેશ છે.

મધ્યપ્રદેશમાં અમરવાડા બેઠક પર ભાજપ આગળ હતું જયારે પંજાબની જલંધર બેઠક પર આપના ઉમેદવાર લીડ ધરાવતા હતા. ઉતરાખંડની બદ્રીનાથ તથા મંગલોર બેઠક પર કોંગ્રેસને સરસાઇ હતી. પશ્ચિમ બંગાળની ચાર બેઠકોમાં ટ્રેન્ડ મોડા શરૂ થયા હતા અને તેના પર તમામ રાજકીય પક્ષોની નજર રહી છે.

લોકસભાની ચૂંટણીમાં ભાજપે ઘણી મહેનત કરી હોવા છતાં સત્તાધારી તૃણમૂલ કોંગ્રેસનો ડંકો જ લાગ્યો હતો. વિધાનસભાની પેટા ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસને કોઇ ઝટકો લાગે છે કે કેમ તેના પર નજર રાખવામાં આવી રહી છે.

# બિહારમાં વીજળી ત્રાટકતા ૨૧ લોકોના મોત

## ૨૩ રાજ્યોમાં મેઘ કહેરઃ આવતા પાંચ દિવસ હજુ ભારે વરસાદની આગાહી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં ચોમાસાનો અસલી રંગ હોય એમ મોટા ભાગના રાજ્યોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. આવતા પાંચ દિવસ સુધી ૨૩ રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની ચેતવણી આપવા સાથે હવામાન વિભાગ દ્વારા એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ઉત્તર તથા પૂર્વોત્તર ભાગોમાં મેઘ તાંડવની સ્થિતિ વચ્ચે સ્થિતિ ગંભીર બની રહી છે.



દેશના પર્વતીય તથા પૂર્વોત્તર રાજ્યોમાં મેઘરાજા કહેર વરસાવી રહ્યા હોય તેમ ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત બની રહ્યું છે. ઉત્તરાખંડમાં ભૂસ્ખલન સર્જાયા બાદ બંધ થયેલો બદ્રીનાથ હાઇવે ખોલી નાખવામાં આવ્યો છે. ફસાયેલા ૪ હજારથી વધુ પ્રવાસીઓને સુરક્ષીત રીતે બહાર કાઢવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

બિહારમાં વીજળીનો કહેર હોય તેમ ઠેકઠેકાણે વીજળી ત્રાટકતા વધુ ૨૧ લોકોના મોત નિપજયા હતા. ચાલુ મહિનામાં ૮૦ લોકોએ વીજળી પડવાના કારણે જાન ગુમાવ્યા છે. આસામમાં પૂર પરિસ્થિતિ હળવી થવા છતાં હજુ ૧૨ લાખ લોકો પ્રભાવિત રહ્યા છે.

ભારતીય હવામાન વિભાગે જણાવ્યું છે કે, દેશના ૨૩ રાજ્યોમાં આવતા પાંચ દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખીને જુદા જુદા સ્થળોએ રેડ, ઓરેન્જ અને યેલ્લો એલર્ટ આપવામાં આવ્યા છે. ઉતરાખંડમાં ભારે વરસાદના કારણે વારંવાર ભૂસ્ખલનની ઘટનાઓને ધ્યાનમાં રાખીને રેડ એલર્ટ આપવામાં આવ્યું છે.

ઉત્તરપ્રદેશમાં પણ હાલત ખરાબ રહી છે. અનરાધાર વરસાદ ઉપરાંત નેપાળમાંથી પાણી છોડવામાં આવ્યું હોવાના કારણે અનેક જિલ્લાઓમાં પૂર પરિસ્થિતિ સર્જાઇ છે. અયોધ્યા, બારાબંકી, સીતાપુર, આંબેડકરનગર, બલરામપુર, ગોંડા સહિતના જિલ્લાઓમાં ૨૫૦ ગામડા જળમગ્ન બન્યા છે. લખીમપુરના ૧૫૦, શાહજહાંપુરના ૩૦, બદાઉના ૭૦, બરેલીના ૭૦, પીલીભીતના ૨૨૨ ગામડાઓ પૂરથી ઘેરાઇ ગયા છે. રાજયમાં ૮૦૦થી વધુ ગામડાઓ પૂર પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે.હિમાચલ પ્રદેશમાં પણ ભારે વરસાદનો કહેર છે. સીમલામાં ૪ સહિત ૧૦ માર્ગો બંધ કરી દેવામાં આવ્યા છે અને તા. ૧૮ સુધી યેલ્લો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના રીપોર્ટ પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં મેઘાલયમાં અનરાધાર વરસાદ ખાબકયો હતો. આ સિવાય દક્ષિણ ગુજરાત, કોંકણ, ગોવા, પશ્ચિમ બંગાળ, સિકકીમ, બિહાર, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ઉતરાખંડ જેવા ભાગોમાં પણ ભારે વરસાદ નોંધાયો હતો.

# નોટબંધી, જીએસટી અને કોરોનાથી ૧૬.૪૫ લાખ નોકરી સ્વાહાઃ ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકારના આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા દેશમાં નોકરી ગુમાવનારાઓનો ચોંકાવારો રિપોર્ટ બહાર પાડ્યો છે. રિપોર્ટ મુજબ દેશમાં નોટબંધી, જીએસટી અને કોરોના મહામારીના કારણે એટલે કે સાત વર્ષની અંદર ઈનફોર્મલ સેક્ટરમાં લગભગ ૧૬.૪૫ લાખ લોકોએ નોકરીઓ ગુમાવી છે. મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ બાદ પ્રથમવાર ઈન્કોર્પોરેટેડ એન્ટરપ્રાઇઝિસના ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩નો ડેટા જાહેર કર્યો છે.

રિપોર્ટ મુજબ દેશમાં ઈનફોર્મલ સેક્ટરમાં કામ કરનારાઓની સંખ્યા ૨૦૧૫-૧૬માં ૧૧.૧૩ કરોડ હતી, જેની સામે વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૬.૪૫ લાખ (૧.૫ ટકા) ઘટીને ૧૦.૯૬ લાખ પર પહોંચી ગઈ છે. વર્ષ ૨૦૧૬માં નોટબંધીની જાહેરાત કરવામાં આવી હતી, જુલાઈ ૨૦૧૭માં જીએસટી લાગુ કરવામાં આવ્યો હતો, જ્યારે વર્ષ ૨૦૨૦માં દેશમાં કોરોના મહામારીની એન્ટ્રી થઈ હતી.


અસંગઠિત સાહસોના વાર્ષિક રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૧૫-૧૬માં ઈન્કોર્પોરેટેડ એન્ટરપ્રાઇઝિસની સંખ્યા ૬.૩૩ કરોડ હતી, જેમાં ૨૦૨૨-૨૩માં વધારો થઈને ૬.૫૦ કરોડ પર પહોંચી ગયો છે. જોકે નોટબંધી, જીએસટી અને કોરોનાના કારણે સૌથી વધુ ઈનફોર્મલ સેક્ટરને નુકસાન વેઠવું પડ્યું છે.

એકતરફ ગુજરાત, મહારાષ્ટ્ર, બિહાર, મધ્ય પ્રદેશ અને ઓડિશામાં વર્ષ ૨૦૧૫-૧૬થી ૨૦૨૨-૨૩ દરમિયાન અનૌપચારિક રોજગારીમાં વધારો થયો છે, તો બીજીતરફ ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, કર્ણાટક અને આંધપ્રદેશમાં કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. દેશમાં આ ૧૦ રાજ્યોમાં ઈનફોર્મલ સેક્ટરમાં કામ કરનારા કર્મચારીઓની સંખ્યા લગભગ બેતૃતિયાંશ છે.સર્વે મુજબ દેશના ૩૪ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી ૧૬માં ઈનફોર્મલ સેક્ટરમાં કામ કરતા કર્મચારીની સંખ્યા વર્ષ ૨૦૨૨-૨૩માં અગાઉના સર્વે કરતાં ઘટાડો થયો છે, જેમાં એવી બાબત સામે આવી છે કે, મહામારી બાદ મોટાભાગના રાજ્યોમાં ઈનફોર્મલ સેક્ટરમાં કર્મચારીઓની સંખ્યા ઝડપથી ઘટી હતી.

# શાકભાજી-કઠોળના ભાવ આસમાને પહોંચતાં રિટેલ મોંઘવારી જૂનમાં ચાર માસની ટોચે પહોંચી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં રિટેલ મોંઘવારીનો દર જૂનમાં ચાર માસની ટોચે પહોંચ્યો છે. જૂનમાં ખાદ્ય ચીજોના ભાવ આસમાને પહોંચતાં રિટેલ ફુગાવો ૫.૦૮ ટકા નોંધાયો છે. જે મેમાં ૪.૭૫ ટકા હતો. ઉલ્લેખનીય છે, ગત મહિને રિટેલ મોંઘવારી ૧૨ માસના તળિયે હતી. જે જૂનમાં અચાનક વધી છે.



શાકભાજી અને કઠોળના ભાવમાં ૭૦ ટકા સુધી ઉછાળાના કારણે ખાદ્ય ચીજોનો ફુગાવો જૂનમાં વધી ૯.૪ ટકા નોંધાયો છે. જે મેમાં ૮.૭ ટકા હતો. ખાદ્ય ચીજોનો કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ મેમાં ૧.૩૩ ટકા સામે વધી જૂનમાં ૩.૧૭ ટકા થયો છે.

ઉનાળામાં આકરી ગરમી તેમજ વાવાઝોડાની સ્થિતિમાં કમોસમી વરસાદની સ્થિતિમાં પાક ઉત્પાદન ઘટ્યા હતા. પરિણામે જૂનમાં શાકભાજી અને કઠોળ સહિત ખાદ્ય ચીજોના ભાવ અનેકગણા વધ્યા હતા. શાકભાજીનો મોંઘવારી દર ૨૯.૩ ટકા અને કઠોળમાં ફુગાવો ૧૬.૧ ટકા નોંધાયો હતો. કઠોળમાં મોંઘવારી સતત ૧૩ મહિનાથી ડબલ ડિજિટમાં નોંધાઈ રહી છે, જ્યારે શાકભાજીમાં ફુગાવો છેલ્લા આઠ મહિનાથી ડબલ ડિજિટમાં જોવા મળ્યો છે.

ફુગાવાના ઉંચા દર રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા આગામી મોનેટરી પોલિસી બેઠકમાં વ્યાજના દરો જાળવી રાખે તેવો સંકેત આપી રહ્યા છે. આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે થોડા દિવસ પહેલાં જ વ્યાજદરો જાળવી રાખવાનો સંકેત આપ્યો હતો. આરબીઆઈએ જૂનમાં સતત આઠમી વખત રેપો રેટ ૬.૫ ટકા પર જાળવી રાખ્યો હતો. આગામી મોનેટરી પોલિસીની બેઠક ૬ અને ૮ ઓગસ્ટે યોજાશે.

# ૨૫ જૂને 'બંધારણ હત્યા દિવસ' મનાવાશે : કેન્દ્ર

## કોંગ્રેસના દમનકારી પગલાંને કાળા અધ્યાય તરીકે યાદ રખાશે : મોદી

## ૪ જૂન, ૨૦૨૪ 'મોદી મુક્તિ દિવસ' તરીકે ઓળખાશે : કોંગ્રેસ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વિપક્ષ મોદી સરકાર પર બંધારણ ભંગ કરવાનો પ્રયત્ન કરવાના આક્ષેપો કરી રહ્યો છે તેવા સમયે કેન્દ્ર સરકારે હવે દેશમાં પ્રત્યેક વર્ષે ૨૫ જૂને પબંધારણ હત્યા દિવસથ મનાવવાની જાહેરાત કરીને વિપક્ષ સાથે ઘર્ષણ વધારવાના સંકેતો આપી દીધા છે.

કેન્દ્ર સરકારે શુક્રવારે એક જાહેરનામું બહાર પાડીને જણાવ્યું હતું કે, દેશમાં પ્રત્યેક વર્ષે ૨૫ જૂનનેથબંધારણ હત્યા દિવસથ તરીકે મનાવાશે. બીજીબાજુ કોંગ્રેસે પણ ઘર્ષણના આ માર્ગે આગળ વધતાં ૪ જૂનને પમોદી મુક્તિ દિવસથ તરીકે મનાવવાની જાહેરાત કરી છે.

કેન્દ્ર સરકારે શુક્રવારે જાહેર કરેલા નોટિફિકેશનમાં જણાવ્યું છે કે ૧૯૭૫ના રોજ ૨૫ જૂને કટોકટીની જાહેરાત કરાઈ હતી. ત્યાર પછી તત્કાલીન સરકાર તરફથી સત્તાનો ઘોર દુરુપયોગ કરાયો હતો અને ભારતના લોકો પર અત્યાચાર ગુજારવામાં આવ્યા હતા. જ્યારે ભારતના લોકોનો દેશના બંધારણ અને દેશના મજબૂત લોકતંત્ર પર દઢ વિશ્વાસ છે. તેથી ભારત સરકારે ઈમર્જન્સીના સમય દરમિયાન




સત્તાના ઘોર દુરુપયોગનો સામનો અને સંઘર્ષ કરનારા બધા લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે ૨૫ જૂનને પબંધારણ હત્યા દિવસથ જાહેર કરવામાં આવ્યો છે. ભારતના લોકોએ ભવિષ્યમાં કોઈપણ પ્રકારે સત્તાના ઘોર દુરુપયોગનું સમર્થન નહીં કરવા માટે કટિબદ્ધ કર્યા છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કેન્દ્ર સરકારના આ નિર્ણયનું સ્વાગત કર્યું હતું. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર જણાવ્યું હતું કે, ૨૫ જૂન ૧૯૭૫ના રોજ તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ તેમની તાનાશાહી માનસિક્તા દર્શાવતા દેશમાં ઈમર્જન્સી લગાવીને ભારતીય લોકતંત્રની આત્માનું ગળુ દબાવી દીધું હતું. લાખો લોકોને કોઈપણ કારણ વિના જેલમાં નાંખી દેવાયા હતા અને મીડિયાનો અવાજ દબાવી દેવાયો હતો.

ભારત સરકારે પ્રત્યેક વર્ષે ૨૫ જૂને પબંધારણ હત્યા દિવસથ તરીકે મનાવવાનો નિર્ણય કર્યો છે. આ દિવસ એ બધા લોકોના વિરાટ યોગદાનની યાદ અપાવશે, જેમણે ૧૯૭૫ની ઈમર્જન્સીની અમાનવીય પીડા વેઠી હતી.

અમિત શાહે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર તરફથી લેવાયેલા આ નિર્ણયનો આશય એવા લાખો લોકોના સંઘર્ષનું સન્માન કરવાનો છે, જેમણે તાનાશાહી સરકારની અસંખ્ય યાતનાઓ અને અત્યાચારનો સામનો કરવા છતાં લોકતંત્રને પુનર્જિવિત કરવા માટે સંઘર્ષ કર્યો હતો. બંધારણ હત્યા દિવસ દરેક ભારતીયમાં લોકતંત્રના રક્ષણ અને વ્યક્તિગત સ્વતંત્રતાની અમર જ્યોતિને જિવિત રાખવાનું કામ કરશે, જેથી કોંગ્રેસ જેવા પક્ષની તાનાશાહી માનસિક્તા ભવિષ્યમાં તેનું પુનરાવર્તન ના કરી શકે.

# અગ્નિકાંડના પિડીત પરિવારો સાથે તા.૧ ઓગષ્ટથી કોંગ્રેસ ન્યાયયાત્રા યોજશે

## મોરબીથી અમદાવાદ સુધી યોજાનાર આ યાત્રામાં કોંગ્રેસના સંગઠનના હોદેદારો તેમજ રાજ્યના લોકો પણ જોડાશેઃ પીડીત પરિવારના સભ્યો સાથે રાજ્ય સરકારે ક્રુર મજાક કરી છે : જીજ્ઞેશ મેવાણી

**મુખ્ય સમાચાર રાજકોટ**

દોઢ માસ પહેલા રાજકોટના ટીઆરપી ગેમઝોનમાં થયેલા અગ્નિકાંડમાં ૨૭ લોકોએ જીવ ગુમાવતા ઘેરા પડઘા સમગ્ર દેશમાં પડયા છે. ખાસ કરીને લોક્સભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધીની અમદાવાદની મુલાકાત બાદ રાજ્ય સરકાર કુંભકર્ણની નિંમાંથી જાગી હોય તેમ ત્રણ દિવસ પહેલા અગ્નિકાંડના પીડીત પરિવારના લોકોને ગાંધીનગર બોલાવી તેમના ઘા પર મલમ લગાવાનું નાટક કર્યું હતું. જે આ અંગે આજે કોંગ્રેસના આગેવાનો તેમજ પીડીત પરિવારના સભ્યો દ્વારા એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પીડીત પરિવારના સભ્યોએ જણાવ્યું હતું કે દોઢ માસ બાદ રાજ્ય સરકારે પીડીત



(તસ્વીરઃ આનંદ જાવિયા)

પરિવારના સભ્યોને બોલાવી ક્રુર મજાક જ કરી છે. અત્યાર સુધી જે પણ તપાસ સમિતિની રચના કરવામાં આવી તેઓએ પણ તપાસમાં નાટક કરી સરકારના ઈશારે ભીનુ સંકેલવાનો પ્રયત્ન કર્યો છે.

પીડીત પરિવારના લોકોએ એ વાતનો ઉલ્લેખ કર્યો કે તેઓએ સરકાર સમક્ષ બાર મુદ્દા મુક્યા છે. જેમાં ગેમઝોન માટે એક અલગ જ સીટની રચના કરવામાં આવે, નવી તપાસ અધિકારીઓની રચના કરવામાં આવે તેમજ છ મહિનામાં આ કેસની સુનાવણી કરવામાં આવે પરંતુ સરકારની નીયતમાં ખોટ હોય તેમ હજુ સુધી આ મુદ્દે પણ સરકારે કોઈ વાત જાહેર કરી નથી.

કોંગ્રેસના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ જણાવ્યું કે, દોઢ માસ પહેલા બનેલા અગ્નિકાંડમાં ભાજપના કોઈપણ ધારાસભ્ય, સંસદસભ્ય, કોર્પોરેટર કે પદાધિકારી દ્વારા પીડીત પરિવારની વાત સાંભળવાની ખેવના કરવામાં આવી હતી. પરંતુ રાહુલ ગાંધીની અમદાવાદની મુલાકાત બાદ રાજકીય રોટલા સેકવામાં માહિર રાજ્યની ભાજપ સરકારે પીડીત પરિવારના લોકોને ગાંધીનગર બોલાવ્યા હતા. પરંતુ આ પણ એક નાટક હતું. રાજ્ય સરકારે પીડીતી પરિવારો સાથે ક્રુર મજાક કરી છે.

કોંગ્રેસના અન્ય આગેવાન લાલજીભાઈ દેસાઈએ જણાવ્યું કે પીડીત પરિવારોને ન્યાય મળી રહે તે માટે કોંગ્રેસ તેઓની સાથે જ છે. અને ન્યાય મળે ત્યાં સુધી સાથે રહેશે. વધુમાં કોંગ્રેસ દ્વારા પીડીત પરિવારોના સભ્યો સાથે એક સાથે મોરબીથી અમદાવાદ સુધી તા.૧ ઓગસ્ટથી ન્યાયયાત્રાનું આયોજન કરાશે. જેમાં ગુજરાત તેમજ સમગ્ર દેશના કોંગ્રસના સંગઠના હોદેદારો ઉપસ્થિત રહેશે.

# GMERS કોલેજોમાં થયેલ ફી વધારો પરત ખેંચવા આરોગ્યમંત્રીને રજુઆત કરતા મોરબી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સહિત રાજ્યમાં મેડિકલ GMERS કોલેજોમાં કરેલ એકાએક આશરે ૬૭ ટકાથી ૮૭ ટકા સુધીના ધરખમ ફી વધારો ખાસ કરીને મેનેજમેન્ટ ક્વોટામાં કરેલ કમરતોડ ફી વધારો પરત ખેંચવાની ઉગ્ર માંગ સાથે મોરબી જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કિશોરભાઈ ચીખલીયા દ્વારા રાજયના આરોગ્યમંત્રીને લેખિત રજુઆત કરવામાં આવી છે.



મોરબી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ દ્વારા લેખિત રજુઆતમાં જણાવ્યા અનુસાર ગુજરાત રાજય સંચાલીત મેડીકલ શિક્ષણની ત્રદ્ધખઊિદ્ભ્જ કોલેજોમાં ચાલુ વર્ષે થયેલો ફી વધારો રૂા.૩.૩૦ લાખમાંથી રૂા.૫.૫૦ લાખ તેમજ મેનેજમેન્ટ કવોટામાં રૂા.૯.૦૭ લાખ માંથી રૂા.૧૭ લાખ મધ્યમ અને નિમ્ન વર્ગ માટે કમરતોડ ફી વધારો છે. જે તદ્દન વિદ્યાર્થીઓના વાલીઓ ઉપર વધારાના બોજ સમાન છે. નિમ્ન અને મધ્યમ વર્ગના તેજસ્વી યુવાનોના અરમાનો અને તેના પરીવારો ઉપર ફી વધારાનો આર્થિક બોજ અનેક ગણો વધી જવાના કારણે તેમજ મંદી, મોંઘવારી, ગરીબીની પરિસ્થિતિમાં તદ્દન અસહનિય છે.

આગળ જણાવતા કહ્યું કે ગુજરાત સરકાર માટે ખાસ કરીને શિક્ષણ અને તેમા પણ તબીબી વિભાગમાં આવક વધારવા માટે આ ફી વધારો સરકાર દ્વારા કરવામાં આવેલ છે. તે તદ્દન અમાનવિય પગલું છે. કારણ કે સરકાર પોતે જ પોતાના સંશાધનોથી ઉભી કરેલી કોલેજોમાં ફી વધારી બીજી બાજુ સેલ્ફ ફાયનાન્સ કોલેજોના ફી વધારાને ઉત્તેજીત કરી રહી છે. ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને તેમના સંતાનોને ડોકટર બનાવવાનું તેમનું એક સ્વપન હોય છે. આવા પરીવારોની આવક ખુબ જ સામાન્ય હોય છે. જે આવક મર્યાદાની નીચે હોય છે. આવા વાલીઓ રૂા.૫.૫૦ દર વર્ષે મેડીકલ શિક્ષણની ફી ભરે પછી પરીવારના ગુજરાન તેમજ વિદ્યાર્થીઓના અન્ય ખર્ચાઓનું શું ? તેમજ વાલીઓ તેના બીજા સંતાનોને કેમ કરી ઉચ્ચ અભ્યાસ કરાવી શકે ? આવો વિચાર સરકારમાં બેઠેલ કોઈ અધિકારી કે પદાધિકારીઓને કેમ આવતો નથી ?

વધુમાં દર વર્ષે સરકાર પોતે જ વધતી મોંઘવારીના દરે વાર્ષિક ૮% મોઘવારી જાહેર કરે છે એ પ્રમાણે વેતનમાં વૃધ્ધિ કરે છે. તો એકાએક એક સાથે ૬૭% થી ૮૭% વધારો કરી નાખે છે. એ કઈ રીતે તર્કસંગત છે ? મેડીકલ શિક્ષણનું રોકાણ એ ભવિષ્યની સમાજસેવા છે. જો એ જ અતિ મોંઘુ થઈ જશે તો પછી વિદ્યાર્થીઓ જયારે ફિલ્ડમાં આવશે ત્યારે મેડીકલ સારવાર સસ્તી કેમ આપી શકશે ?

અંતમાં આ ફી વધારાનો બોજ તદ્દન અમાનવિય હોય, રાજયની પ્રજાના હિતમાં અને ખરેખર એક સંવેદનશીલ સરકાર હોવાનું માનતી હોય તો આ ફી વધારો પાછો ખેંચીને ભવિષ્યમાં પણ ફી વધારો નહી કરવાની ખાત્રી આપવી જોઈએ. આ બાબતે મેડીકલ કોલેજોમાં કરવામાં આવેલ ફી વધારો તાત્કાલીક અસરથી પાછો ખેંચવાની માંગણી સાથે રજુઆત કરી છે.

# જામનગરના આસામીએ મુદલ કરતા બમણી રકમ ચૂકવ્યા પછી પણ અપાયો ત્રાસ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના એક આસામીએ રૂપિયા દોઢ લાખની રકમ વ્યાજે લીધા પછી વ્યાજ પેટે રૂ. ૩ લાખ ૬૭ હજાર ચૂકવ્યા પછી પણ તેને પજવવામાં આવતો હોવાથી મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. જ્યારે રૂ. ૫ હજારનું રૂ. ૧૫ હજાર વ્યાજ ચૂકવ્યા પછી પણ હેરાનગતિ કરાતા અન્ય આસામીએ પોલીસનું શરણું લીધુ છે. ઉપરાંત કાલાવડના એક આસામીએ મુદલ કરતા બમણું વ્યાજ ચૂકવ્યા પછી પણ ચેક લખાવી લઈ બાઉન્સ કરાવાયાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે અને લાલપુરના આસામીએ ૩૦ ટકા વ્યાજ ચૂકવ્યાની ફરિયાદ થઈ છે.જામનગરના ધરારનગર-૧ વિસ્તારમાં રહેતા ઈસ્માઈલ ઈબ્રાહીમભાઈ પારારી નામના આસામીએ બેડીની દીવેલીયા ચાલીમાં રહેતા ઈશાક હારૂન સાયચા સામે સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગઈકાલે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદમાં જણાવવામાં આવ્યા મુજબ પૈસાની જરૂરિયાત ઉભી થતાં ઈશાક પાસેથી ગયા વર્ષે રૂ. ૫ હજાર ઈસ્માઈલભાઈએ દસ ટકાના વ્યાજે લીધા પછી રૂ. ૧૫ હજાર વ્યાજ પેટે ચૂકવી આપ્યા હોવા છતાં હજુ વધુ રકમની માગણી કરી ઈશાકે માર માર્યો હતો અને પૈસા નહીં મળે તો વધુ માર ખાવો પડશે તેવી ધમકી



આપી હતી. પોલીસે તેની સામે આઈપીસી ૨૨૩, ૫૦૪, ૫૦૬ (૧), મની લેન્ડર્સ એક્ટની કલમ હેઠળ ગુન્હો નોંધ્યો છે.કાલાવડના કુંભનાથપરામાં રહેતા સંજયભાઈ મનસુખભાઈ વાઘેલા નામના યુવાને ગઈકાલે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, કાલાવડની શિતલા કોલોનીમાં રહેતા કનકસિંહ બનેસિંહ ચૌહાણ પાસેથી તેઓએ ફેબ્રુઆરી ૨૦૨૩માં રૂ. ૩૦ હજાર વ્યાજે લીધા હતા અને મોટરસાયકલ ગિરવે મૂક્યું હતું. દર મહિને રૂ. ૪૫૦૦ લેખે ગયા મે મહિના સુધીમાં સંજયભાઈએ રૂ. ૬૭૫૦૦ ચૂકવ્યા હોવા છતાં કનકસિંહ વધુ વ્યાજ માંગી ગાળો ભાંડતા હતા અને સંજયભાઈ પાસેથી કોરો ચેક પડાવી લઈ કનકસિંહે તેમાં રૂ. ૩,૬૮,૫૦૦ની રકમ લખી ચેક બેંકમાંથી બાઉન્સ કરાવી લીધો હતો. આ બાબતની સંજયભાઈએ ફોન પર વાત કરતા તેઓને ગાળો ભાંડવામાં આવી હતી. પોલીસે કનકસિંહ ચૌહાણ સામે ગુન્હો નોંધ્યો છે.જામનગરના આંબેડકર ધામ પાસે રહેતા નવલસિંહ સરદારસિંહ પરમાર નામના યુવાનને ધંધામાં નુકસાની જતાં તેઓએ વર્ષ ૨૦૧૨માં પંચવટી ગૌશાળા પાસે રહેતા ઈન્દ્રજીતસિંહ રામદેવસિંહ જાડેજા પાસેથી રૂપિયા દોઢ લાખ સાત ટકાના વ્યાજે લીધા હતા. વ્યાજ પેટે રૂ. ૩ લાખ ૬૭ હજાર ચૂકવ્યા પછી પણ મૂળ રકમ રૂપિયા દોઢ લાખની ઈન્દ્રજીતસિંહ માગણી કરતા રહેતા હોવાથી નવલસિંહે સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.લાલપુર શહેરમાં મેઈન બજાર પાસે રહેતા ઈરફાન આમદમિંયા કાદરી નામના આસામીએ દોઢેક વર્ષ પહેલાં લાલપુરના તબેલા શેરીમાં રહેતા સાજીદ ઈકબાલ સમા પાસેથી રૂ. ૧૦ હજાર હાથ ઉછીના લીધા પછી રોજના રૂ. ૧૦૦ લેખે એટલે કે મહિનાના ૩૦ ટકા લેખે વ્યાજ ચૂકવ્યું હોવા છતાં વધુ વ્યાજ અને મૂળ રકમની ઉઘરાણી કરી સાજીદ સમા પજવતો હોવાથી ઈરફાનમિંયાએ લાલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# મોરબીમાં બહેનને ભગાડી જવાનો ખાર રાખી યુવકનું ઘર સળગાવી નાખતા તમામ ઘરવખરી બળીને ખાક

## વાંકાનેર રહેતી યુવતીને ભગાડી ગયાનો ખાર રાખી યુવતીના ભાઈ સહિતના પરિવારજનોએ ઘર સળગાવ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં સમાકાંઠા વિસ્તારમાં આવેલ રામકૃષ્ણનગરમાં રહેતો યુવક આઠેક દિવસ પહેલા વાંકાનેર રહેતી યુવતીને ભગાડીને લઈ ગયો હોય જે બાદ ચાર દિવસ પૂર્વે બંને યુવક-યુવતી સામેથી વાંકાનેર સીટી પોલીસ મથકમાં હાજર થયાની જાણ થતા યુવકના માતાપિતા સહિતનો પરિવાર ઘરને તાળું મારી વાંકાનેર પોલીસ મથકમાં ગયા હોય ત્યારે યુવતીના ભાઈ સહિતના પરિવારજનોને બંધ ઘરને આગ ચાંપી દેતા ઘરમાં રહેલ તમામ ઘરવખરી બળીને ખાક થઈ ગયી હતી. ત્યારે યુવકના પિતા દ્વારા આરોપી બે મહિલા સહિત ચાર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેલ ગોપાલ સોસાયટીની સામે રામકૃષ્ણનગર એફ-૪માં રહેતા રાજેશભાઇ ડાયાલાલ ચાવડા ઉવ.૫૧ એ મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં આરોપી રોહીતભાઇ કોળી તથા તેની સાથે આવેલ અજાણ્યો એક માણસો તથા બે બૈરાઓ રહે.વાંકાનેર સામે ફરિયાદ નોંધાવી કે ઉપરોક્ત ચારેય આરોપીઓએ રાજેશભાઈનું ઘર સળગાવી નાખતા બી ડિવિઝન પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ફરી છે.

ત્યારે ફરિયાદી રાજેશભાઈએ પોતાની ફરિયાદ લખવતા જાહેર કર્યું કે તેમનો દિકરો કાનજી આરોપી રોહિતભાઈની બહેન ગાયત્રીને ભગાડી લઇ ગયેલ બાદ પાછા પરત વાંકાનેર પોલીસ સ્ટેશન ખાતે હાજર થયેલ હોય જેથી રાજેશભાઇ પોતાના પરીવાર સાથે વાંકાનેર પોલીસ સ્ટેશન ગયેલ હોય ત્યારે આ આરોપીની બહેન પોતાના પરીવાર સાથે પાછી તેના ઘરે જતી રહેલ હોય તેમ છતા જેનક ખાર રાખી ચારેય આરોપીઓએ મોરબી આવી રાજેશભાઇના ઘરમાં આગ ચાંપી દઈ ઘરમાં રાખેલ ફ્રિજ, ટીવી, કબાટ, સેટી પલંગ ગાદલાગોદળા તથા ઘરવખરીનો તમામ સરસમાન સળગાવી આશરે રૂ.૬૦,૦૦૦/- નુકસાની કર્યું હતું . તેમજ ત્યારબાદ રાજેશભાઇના મોબાઈલમાં કોલ કરી ફોન ઉપર આખા પરીવારને સળગાવી દેવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી હતી.

# એબીવીપી મોરબી દ્વારા મેડિકલ કોલેજની ફી વધારાને લઈને વિદ્યાર્થીઓને સાથે રાખી આવેદનપત્ર અપાયું




**મુખ્ય સમાચાર, મોરબી**

ABVP મોરબી શાખા દ્વારા GMERS મેડીકલ કોલેજ ખાતે મેડિકલ કોલેજ ફી માં થયેલા ધરખમ વધારા ને લઈને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓને સાથે લઈને વિરોધ દર્શાવી આવેદન પત્ર આપવામાં આવ્યું.

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ એ ૯ જુલાઈ ૧૯૪૯ થી વિદ્યાર્થી હિત અને રાષ્ટ્રહિત ના કાર્યો કરતું વિશ્વ નું સૌથી મોટું વિદ્યાર્થીઓ નું સંગઠન છે.

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ મોરબી દ્વારા GMERS મેડિકલ કોલેજ માં ફી વધારાના વિષય ને લઈને તારીખ ૧૨/૦૭/૨૦૨૪ શુક્રવારે ના રોજ મેડિકલ કોલેજ ખાતે વિરોધ પ્રદર્શન કરી આવેદન પત્ર આપવામાં આવ્યું.

આ પહેલા પણ ૨૦૨૩ માં મેડિકલ કોલેજ માં ફી વધારો કરવામાં આવ્યો હતો જેનો ABVP દ્વારા ઉગ્ર વિરોધ કર્યો હતો અને એ રજૂઆત સફળ રહી જેને લઈને ફી વધારો પાછો ખેંચવામાં આવ્યો હતો આ વર્ષે પણ ફી વધારાનો ABVP દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો. જેમાં મોરબી ખાતે ABVP રાજકોટ વિભાગ સંયોજક તથા મોરબી જિલ્લા સંયોજક ની હાજરી રહી હતી.

# જામનગર સર્કિટ હાઉસ ખાતે લોકસંપર્ક યોજી લોકોની રજૂઆતો સાંભળતા મંત્રી રાઘવજીભાઈ પટેલ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, રાજયના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના મંત્રી રાઘવજીભાઇ પટેલે જામનગર સર્કિટ હાઉસ ખાતે લોકસંપર્ક યોજી ઉપસ્થિત રહેલ નાગરિકોના પ્રશ્નો તથા રજૂઆતો સાંભળ્યા હતા.તેમજ નાગરિકો દ્વારા કરવામાં આવેલ રજૂઆતો ધ્યાને લઈ સત્વરે તે અંગે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું હતું.મંત્રી દ્વારા યોજવામાં આવેલ આ લોકસંપર્ક કાર્યક્રમમાં જામનગર શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાંથી બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હત તેમજ તેઓએ પોતાની રજૂઆત મંત્રી સમક્ષ મૂકી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે,કૃષિમંત્રી દ્વારા જાહેર જનતા સાથે સંવાદ સેતુ સાધવા આ પ્રકારના લોક સંપર્કનું દર અઠવાડિયે શહેરના લાલ બંગલા સ્થિત સર્કિટ હાઉસ ખાતે આયોજન કરવામાં આવે છે.જેમાં બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહી પોતાના પ્રશ્નો તથા રજૂઆતો બાબતે રૂબરૂ ચર્ચા કરે છે.કૃષિમંત્રી રાઘવજીભાઇ પટેલ પણ એટલી જ સહૃદયતાથી નાગરિકોના પ્રશ્નો સાંભળી તેના નિવારણ માટે સ્થળ પર જ લગત વિભાગો તથા સંબંધિતોને ટેલિફોનિક સૂચના આપી અથવા તો લેખિત કાર્યવાહી કરી લોક પ્રશ્નોના નિરાકરણનું માધ્યમ બને છે.

# કાનાલુસ નજીક પેટ્રોલ પંપમાં ત્રણ શખ્સોએ ઓફિસ તથા બાથરૂમમાં કરી તોડફોડ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર લાલપુરના આરબલુસ ગામના એક યુવાન કાનાલુસ નજીક પેટ્રોલપંપ પર ફરજ બજાવી રહ્યા હતા ત્યારે બે વાહનમાં ત્યાં ધસી આવેલા ત્રણ શખ્સે બાથરૂમ જવાની ના કેમ પાડી તેમ કહી હુમલો કરી ઓફિસ તથા બાથરૂમમાં તોડફોડ કરી હતી અને આ યુવાનને ધમકી આપી હતી.લાલપુર તાલુકાના આરબલુસ ગામમાં રહેતા અનોપસિંહ રાજુભા જાડેજા કાનાલુસ ગામ નજીક લેબર કોલોની-૮ના ગેઈટ નજીક



રિલાયન્સ જિઓ બીપી પેટ્રોલપંપ પર નોકરીના સ્થળે હાજર હતા ત્યારે એક બાઈક તથા એક્ટિવામાં ધસી આવેલા મેઘનુગામના વિજયસિંહ વિક્રમસિંહ જાડેજા તથા જામનગરના મયુરસિંહ ઘનુભા ચાવડા અને લાલભા દરબારે ઝઘડો કર્યો હતો.આ શખ્સોએ અમે સવારે પેટ્રોલ ભરાવવા આવ્યા ત્યારે બાથરૂમના દરવાજા પાસે બાથરૂમ કરવાની કેમ ના પાડી તેમ કહી બોલાચાલી શરૂ કર્યા પછી લાલભાએ ત્યાં પડેલો ધોકો ઉપાડી પંપની ઓફિસમાં તોડફોડ કરી હતી અને અનોપસિંહને ઢીકાપાટુથી માર માર્યો હતો. જ્યારે મયુરસિંહે બાથરૂમમાં ઘૂસી ટોયલેટ સીટ તોડી નાખી નુકસાની સર્જી હતી. જતા જતા ત્રણેય શખ્સ જાનથી મારી નાખવાની ધમકી પણ આપતા ગયા હતા. અનોપસિંહે મેઘપર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# હળવદનો બ્રાહ્મણી ડેમ ૯૦ ટકા ભરાઈ જતા હેઠવાસના ગામોને કરાયા એલર્ટ

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદ વિસ્તારમાં આવેલ શક્તિ સાગર જળ સંપત્તિ સંચય યોજનાનો બ્રાહ્મણી-૨ ડેમ ૯૦ ટકા ભરા ગયો હોવાથી ડેમના હેઠવાસમાં આવતા ૦૯ ગામોને સાવચેત કરવામાં આવ્યા છે.

હળવદ તાલુકાના સુસવાવ ગામ પાસે આવેલ બ્રાહ્મણી-૦૨ ડેમમાં ઉપરવાસમાં થયેલા સારા વરસાદને કારણે ડેમની ક્ષમતાનો ફૂલ લેવલ મુજબ બ્રાહ્મણી-૨ ૯૦ ટકા ભરાઇ ગયો છે.હાલ ડેમમાં ૩૩૫ ક્યુસેકની આવક અને ૮૦ ક્યુસેકની જાવક નોંધાઈ છે ત્યારે ડેમમાં પાણીની આવક વધતા ડેમના દરવાજા ગમે ત્યારે ખોલવામાં આવશે જેથી બ્રાહ્મણી-૨ ડેમના નીચવાસમાં આવતા ગામો સુસવાવ, કેદારિયા, ધનાળા, રાયસંગપુર, મયુરનગર, મિયાળી, ચાડધ્રા, ટિકર અને માનગઢ સહિતના ગામોના લોકોને સતર્ક રહેવા અને નદીના પટ્ટમાં અવરજવર ન કરવાની સૂચના આપવામાં આવી છે.

# ટંકારા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કેન્સર સ્ક્રીનીંગ માટે કેમ્પ યોજાયો

## નિષ્ણાંત ડોક્ટર્સની ટીમ દ્વારા કુલ ૨૪૭ વ્યક્તિઓનું સ્ક્રીનીંગ કરાયું; શંકાસ્પદ કેસના સેમ્પલ રાજકોટ/અમદાવાદ રીફર કરાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ તથા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી કવિતાબેન દવેના સીધા માર્ગદર્શન હેઠળ જીલ્લામાં વિવિધ સ્થળોએ કેન્સર સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યુ છે. ત્યારે ટંકારા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયાની ઉપસ્થિતિમાં કેન્સર રોગ અંગેના સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. દુર્લભજીભાઈ દેથરીયાએ પ્રસંગને અનુરૂપ પોતાનાં હકારાત્મક વિચારો રજૂ કરી લોકોને બહોળી માત્રામાં આ કેમ્પનો લાભ લેવા માટે અનુરોધ કર્યો હતો.



આ કેમ્પમાં ગુજરાત કેન્સર રિચર્સ ઇન્સ્ટીટયુટ અમદાવાદ તથા સૌરાષ્ટ્ર કેન્સર કેર રાજકોટ ખાતેથી કેન્સર રોગનાં નિષ્ણાંત ડોક્ટર્સ હાજર રહ્યા હતા. આ સ્ક્રીનીંગ કેમ્પમાં ટંકારા તેમજ આજુબાજુનાં ગામડામાંથી આવેલા કુલ ૨૪૭ વ્યક્તિઓનું નિષ્ણાંત ડોક્ટર્સની ટીમ દ્વારા સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન ઓરલ કેન્સર માટે ૭૬, બ્રેસ્ટ કેન્સર માટે ૧૫ તેમજ સર્વાઈકલ કેન્સર માટે ૧૫૬ લોકોનું સ્ક્રીનીંગ કરી રોગ અંગે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. જે દર્દીઓમાં શંકાસ્પદ લક્ષણો દેખાયા હતા તેમના સેમ્પલ કલેક્ટ કરી આગળની તપાસ તથા સારવાર માટે રાજકોટ અને અમદાવાદ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

આ કેમ્પમાં આરોગ્ય શાખાના અધિક જીલ્લા આરોગ્ય અધિકારી ડો. મહેતા, ટંકારા તાલુકા હેલ્થ ઓફિસર ડો.બાવરવા, એન.ટી.સી.પી.સોશ્યલ વર્કર, ટંકારા તાલુકા સુપરવાઈઝર, અગ્રણી જયંતિભાઈ ભાડેસિયા તથા અન્ય આરોગ્ય કર્મચારીઓ અને તપાસ માટે આવેલા લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનારમાં અઢાર પુરાણ મહાજ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન

**મુખ્ય સમાચાર રાજકોટ**

શ્રી લોહાણા મહાજન કોડીનાર દ્વારા તા.૭/૭/૨૪ થી અઢાર દિવસ માટે પ્રખર વક્તા પૂ.મહાદેવ પ્રસાદ મહેતાના મુખેથી શ્રી અઢાર પુરાણ મહા જ્ઞાનયજ્ઞ કથાસાર નું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ આયોજન અંતર્ગત તા.૭/૭/૨૪ ને રવિવાર અષાઢી બીજને દિવસે બપોર ૩:૦૦ કલાકે અઢાર પોથીજીની ભવ્ય અને દિવ્ય પોથીયાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખુબ વિશાળ સંખ્યામાં કોડીનાર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના સમસ્ત રઘુવંશી સમાજના સહિતના તમામ સનાતની હિન્દુ સમાજના ભાઈઓ બહેનો જોડાયા હતા. અને શ્રી જલારામ બાપાના મંદિરથી લઈ અને જ્ઞાનગંગાધામ (કથા સ્થળ) પહોંચ્યા હતા. અને અઢાર પુરાણ કથાસારનો ભક્તિભાવપૂર્વક પ્રારંભ કર્યો હતો. જેમાં પ્રથમ દિવસે બ્રહમ પુરાણ કથાસારનું વર્ણન રાત્રે ૮ થી ૧૧ ત્રણ કલાક સુધી પૂ.મહાદેવ પ્રસાદ મહેતા ।રા। કરવામાં આવેલ આવી જ રીતે અઢાર દિવસ સુધી રોજ એક પુરાણનો કથાસાર રજૂ કરવામાં આવશે અને રોજ કથા પૂર્ણ થયા બાદ અલ્પાહાર પ્રસાદની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

# વિરાણી હાઈસ્કુલ ખાતે માનસિક સ્વાસ્થ્યની જાગૃતતા અંગે "મંદુરસ્તી" નામક સેમીનાર યોજાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિરાણી હાઈસ્કૂલ રાજકોટ ખાતે અરવિંદ મણિયાર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા સંચાલિત "મંદૂરસ્તી"નામક માનસિક સ્વાસ્થ્ય જાગૃતતા માટેનો સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં અંદાજીત ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા.

સેમીનારમા મનોવૈજ્ઞાનિક કાઉન્સેલર ડો. કર્તવી ભટ્ટ દ્વારા મંદૂરસ્તી શું છે, માનસિક સ્વાસ્થ્ય શું છે, શા માટે જરૂરી છે, અને કઈ રીતે માનસિક સ્વાસ્થ્ય જાળવી શકાય જેવી વિવિધ જરૂરી માહિતી આપવામાં આવી હતી. શારીરિક સ્વાસ્થ્યની સાથે માનસિક સ્વાસ્થ્ય જાળવવું કેટલું અગત્યનું છે અને તે કઈ રીતે જાળવી શકાય તે અંગે વિદ્યાર્થીઓને સમજણ આપવામાં આવી હતી.

# જસદણ અને વિંછીયા તાલુકાની રોગી કલ્યાણ સમિતિની બેઠક મંત્રી બાવળિયાના અધ્યક્ષસ્થાને યોજાઈ

**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણ તેમજ વિંછીયા તાલુકા સેવા સદન ખાતે રોગી કલ્યાણ સમિતિ લેન્ડ કમિટી સનદવિતરણ પીજીવીસીએલ સહિતની સંકલન મીટીંગ વિસ્તારના તપસ્વી ધારાસભ્ય અને રાજ્ય સરકારના તેજસ્વી કેબિનેટ મંત્રી કુંવરજીભાઇ બાવળિયા ના અધ્યક્ષ સ્થાને યોજાય હતી આ તકે મંત્રી કુંવરજીભાઈએ જસદણ,વિંછીયા અને સાણથલી સરકારી હોસ્પિટલોની રોગી કલ્યાણ સમિતિ મા સમસ્યાઓ પડતર પ્રશ્નો દવા ઓપીડી સહિતના પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી તેમજ ઘટતી સુવિધાઓ પૂર્ણ કરવા ખાતરી આપી હતી તેમજ લેન્ડ કમિટીને લગતી વિગતવાર ચર્ચાઓ કરી હતી આ કમિટીમાં સત્ય અને તથ્ય કામગીરી કરવા અંગે સૂચન કર્યું હતુંસાથે



પી.જી.વી.સી.એલ. ને સોલાર પેનલ સહિતની કામગીરી અંગે સુચનાઓ સાથે વિવિધ બાબતો પર ચર્ચા વિચારણા કરીહતી આ તકે વિંછીયા ના ૧૩ પરિવારોને ઘરથાળના પ્લોટની સનદ વિતરણ કરી, સાથેજ ગામતળના વિસ્તારોમાં રહેતા વિચરતી-વિમુક્ત જાતિના પાત્રતા ધરાવતા પરિવારોને ખાસ ઝુંબેશ હાથ ધરી વધુને વધુ પરિવારોને પ્લોટ મળે તે માટે અંતમા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ સૂચના આપી હતી આ તકે જસદણ શહેર તાલુકા તથા વિછીયા શહેર તાલુકા ભાજપના પ્રમુખો તથા જસદણ પીઆઇ વિછીયા પીએસઆઇ જસદણ વિછીયા મામલતદારો પ્રાંત અધિકારી તેમજ જસદણ વિછીયા સાણથલી પંથકના આગેવાનો અરજદારો ઉપસ્થિત રહ્યા હતા

# બજરંગ ગ્રુપ દ્વારા:નિ:શુલ્ક ચકલીના માળા, કુંડા, ચણ, રોપા અને છોડનું વિતરણ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ તા.૬ બજરંગ ગ્રુપ, વન વિભાગ રેંજ કચેરીના અંકિત એસ્ટેટના સંચાલક દિલીપભાઈ સોમૈયા-બીપીનભાઈ નથવાણી ના આર્થિક સૌજન્યથી, સ્વ.શ્રી પ્રભુદાસભાઈ ભવાનભાઈ સોમૈયાના પાવન સ્મૃતિમાં દર રવિવારે સવારે ૧૦ થી ૧૨ પંચમુખી હનુમાનજીના મંદિર પાસે, ગરેડીયા કુવા રોડ રાજકોટ ખાતે નિ:શુલ્ક ચકલીના માળા, ચણ, ફીડર, રોપા અને છોડનું વિતરણ સંસ્થાના કિશોરભાઈ ધનજીભાઈ કારીયા ગણાત્રા, હરેશભાઈ દવે (નિવૃત વન અધિકારી), મનુભાઈ મકવાણા, મનુભાઈ ભગત, જતિનભાઈ ભીંડોરા, બી.કે.જાડેજા, ભગીરથસિંહ જાડેજા, હર્ષદસિંહ જાડેજા, દિનેશભાઈ તન્ના, ભરતભાઈ માણેક, વિજયભાઈ કે.ભટ્ટ , જયોતિબેન કે.ભટ્ટના વરદ હસ્તે કરવામાં આવશે.

આ સેવાકીય કાર્યોમાં પંકજભાઈ ડી.કારીઆ, સુનિલભાઈ મજેઠીયા, બટુકભાઈ રાચ્છ, ચેંશભાઈ ગણાત્રા વિ.સામાજિક યોગદાન આપેલ. તેમ એક યાદીના અંતે મીડિયા ઈન્ચાર્જ મારફણી વાહિદે જણાવેલ છે.

# ટ્રાફિક શાખાના જમાદારને હાર્ટએટેક આવતા મોતઃ પોલીસ બેડામાં શોક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર ટ્રાફિક બ્રાન્ચમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા જમાદારની ગઈકાલે તબિયત લથડતા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા બાયપાસ સર્જરી કરાવ્યા બાદ આજે સવારે બીજો એટેક આવી જતા મૃત્યુ નીપજતા પરિવાર અને પોલીસ બેડામાં શોકનું મોજું ફરી વળ્યું છે. શહેરની રામનાથપરા પોલીસ લાઈનમાં રહેતા અને ટ્રાફિક શાખામાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા મહેન્દ્રભાઈ ડાયાભાઇ પરમાર ઉ.૪૬ને ગઈકાલે છાતીમાં દુખાવો ઉપડતા સિવિલ હોસ્પીટલમાં ખસેડાયા હતા અહીં એટેકની અસર હોવાનું તબીબોએ જણાવતા ખાનગી હોસ્પીટલમાં ખસેડાયા હતા જ્યાં ગઈકાલે બાયપાસ કરાવવામાં આવ્યું હતું દરમિયાન આજે વહેલી સવારે બીજો એટેક આવી જતા તે જીવલેણ સાબિત થયો હતો અને મૃત્યુ થયું હતું બનાવની જાણ થતા એ ડીવીઝન પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી પ્રાથમિક તપાસમાં મૂળ વધવાનના વતની મહેન્દ્રભાઈ મૃતક બે ભાઈ એક બહેનમાં મોટા હોવાનું અને સંતાનમાં બે પૂત્ર હોવાનું જાણવા મળ્યું છે તે ૧૯૯૮માં ભરતી થયા હતા કારકિર્દી દરમિયાન તેમણે પ્રનગર, એ ડીવીઝન, માલવિયાનગર, આજી ડેમ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી હતી ઓચિંતી વિદાયથી પરિવાર અને પોલીસ બેડામાં શોક વ્યાપી ગયો છે.

# જેતપુરના થાણાગાલોળ ગામે કોળી યુવાનની પિતરાઈએ છરીના ઘા ઝીંકી કરી હત્યા

## જુના મનદુઃખના કારણે ચાલતા વિવાદમાં કૌટુંબિક ભાઈએ હત્યા કર્યાનું સામે આવ્યું







**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુર તાલુકાના થાણાગાલોળ ગામે ૩૬ વર્ષીય કોળી યુવાનની કુંટુબિક ભાઈએ હત્યા કર્યાની ઘટના પ્રકાશમાં આવતા ભારે ચકચાર મચી જવા પામી છે. બનાવના પગલે જેતપુર તાલુકા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી જઈ પ્રાથમિક તપાસ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ જેતપુરના થાણાગાળોલ ગામે રહેતો રણજિતભાઈ મગનભાઈ મક્વાણા (ઉ.વ.૩૬) નામનો યુવાન ગામની સીમમાં આવેલ મેલડી માતાના મંદિર તરફ જવાના રસ્તે હતો ત્યારે અગાઉ નજવી બાબતે મનદુઃખ ચાલતું હોય જેના વિવાદમાં કુંટુબિક ભાઈ અશોક વજુ મક્વાણા ત્યાં ધસી આવી છરી વડે હુમલો કરી રણજિતભાઈને છાતીના ભાગે આડેધડ ઘા ઝીંકી દેતા તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. બનાવબાદ હત્યારો કુંટુબિક ભાઈ અશોક મક્વાણા નાસી ગયો હતો. જુના મનદુઃખના કારણે કુંટુબિક ભાઈના હાથે યુવાનની હત્યા થઈ હવાના સમાચાર ગામમાં પ્રસરી જતા ચકચાર મચી જવા પામી હતી. બનાવની જાણ જેતપુર તાલુકા પોલીસને કરવામાં આવતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયા હતા. પોલીસે યુવાનની લાશને પીએમ અર્થે જેતપુર સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવી છે. બનાવની જાણ ગંભીરતાના ધ્યાને લઈ પોલીસે ગણતરીના કલાકોમાં જ હત્યારા કુંટુબિક ભાઈ અશોક મક્વાણાને સંકંજામાં લઈ છરી તથા મૃતક રણજિતભાઈનું બાઈક કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર, ઓખા અને પોરબંદર થી ભાવનગર માટે ત્રણ જોડી સ્પેશિયલ ટ્રેનોની એક-એક ટ્રીપ ચલાવવામાં આવશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલવેએ ૧૪ જુલાઈથી ૧૯ જુલાઈ, ૨૦૨૪ દરમિયાન જામનગર-ભાવનગર, ઓખા-ભાવનગર અને પોરબંદર-ભાવનગર વચ્ચે ૩ જોડી સ્પેશિયલ ટ્રેનો (અનરિજર્વ્ડ) ની એક-એક ટ્રીપ ચલાવવાનું નક્કી કર્યું છે. વિગતો નીચે મુજબ છે:

૧) ટ્રેન નંબર ૦૯૪૧૨ જામનગર-ભાવનગર સ્પેશિયલ જામનગર થી ૧૪.૦૭.૨૦૨૪ ના રોજ ૨.૦૦ કલાકે ઉપડશે, રાજકોટ ૦૪.૦૦ કલાકે અને ભાવનગર ટર્મિનસ ૧૦.૩૦ કલાકે પહોંચશે. રિટર્ન માં, ટ્રેન નંબર ૦૯૪૧૧ ભાવનગર-જામનગર સ્પેશિયલ ભાવનગર ટર્મિનસ થી ૧૪.૦૭.૨૦૨૪ ના રોજ ૧૮.૦૦ કલાકે ઉપડશે, બીજા દિવસે ૦૨.૦૫ કલાકે રાજકોટ અને ૦૬.૧૫ કલાકે જામનગર પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં હાપા, રાજકોટ, ભક્તિનગર, ગોંડલ, જેતલસર, જેતપુર, કુંકાવાવ, લુણીધાર, લાઠી, ધસા, ધોળા, સિહોર અને ભાવનગર પરા સ્ટેશનો પર ઉભી રહેશે.

૨) ટ્રેન નંબર ૦૯૪૦૪ ઓખા-ભાવનગર સ્પેશિયલ ઓખા થી ૧૫.૦૭.૨૦૨૪ ના રોજ ૨૩.૨૦ કલાકે ઉપડશે, બીજા દિવસે ૦૪.૦૫ કલાકે રાજકોટ અને ૧૦.૪૫ કલાકે ભાવનગર ટર્મિનસ પહોંચશે. રિટર્ન માં, ટ્રેન નંબર ૦૯૪૦૩ ભાવનગર-ઓખા સ્પેશિયલ ભાવનગર ટર્મિનસ થી ૧૬.૦૭.૨૦૨૪ ના રોજ ૧૮.૪૫ કલાકે ઉપડશે, બીજા દિવસે ૦૦.૩૦ કલાકે રાજકોટ પહોંચશે અને ૦૭.૦૦ કલાકે ઓખા પહોંચશે. આ ટ્રેન બંને દિશા માં દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, સુરેન્દ્રનગર ગેટ, લીંબડી, રાણપુર, બોટાદ, ધોળા, સિહોર અને ભાવનગર પરા સ્ટેશનો પર ઉભી રહેશે..

૩) ટ્રેન નંબર ૦૯૫૮૦ પોરબંદર-ભાવનગર સ્પેશિયલ પોરબંદર થી ૧૮.૦૭.૨૦૨૪ ના રોજ ૨૩.૦૦ કલાકે ઉપડશે, બીજા દિવસે ૦૪.૦૫ કલાકે રાજકોટ પહોંચશે અને ૧૦.૩૦ કલાકે ભાવનગર ટર્મિનસ પહોંચશે. રિટર્ન માં, ટ્રેન નંબર ૦૯૫૭૯ ભાવનગર-પોરબંદર સ્પેશિયલ ભાવનગર ટર્મિનસ થી ૧૯.૦૭.૨૦૨૪ ના રોજ ૧૮.૪૫ કલાકે ઉપડશે, બીજા દિવસે ૦૦.૩૦ કલાકે રાજકોટ અને ૦૬.૫૦ કલાકે પોરબંદર પહોંચશે.

## હળવદના દિઘડિયા ગામે સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા ચાર શખ્સો પકડાયા

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદ પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે હળવદ તાલુકાના દિઘડિયા ગામે દરોડો પાડી રઘાભાઈ નાથાભાઈના મકાનની બાજુમાં આવેલ ખુલ્લી શેરીમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે પૈસાની હારજીતનો ગંજીપત્તા વડે તીનપત્તીનો જુગાર રમી રહેલ આરોપી ધીરાભાઈ અવચરભાઈ રાપુસા ઉવ.૪૦, દેવરાજભાઈ ગોવિંદભાઈ આઘારા ઉવ.૪૦, કિશનભાઇ રાણાભાઇ કુંઢીયા ઉવ.૩૨, હકાભાઇ ગાંડુભાઈ આઘ્રો જીયા ઉવ.૩૧ તમામ રહે. દિઘડીયા તા.હળવદ જી.મોરબીને ઝડપી લઇ રોકડા રૂ.૨૮,૨૦૦/- કબ્જે લઇ તમામ ચારેય આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ભવાનીનગર અને શાપર-વેરાવળમાં બે મહિલાનો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ૧૫૦ ફૂટ ઉપર આવેલા ભવાની નગરમાં અને શાપરમાં રહેતી બે પરિણીતાએ કોઈ અગમ્ય કારણસર જ્વલનશીલ પ્રવાહી પી આપઘાતનો પ્રયાસ કર્યા હતા બંને પરિણીતાને સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ અંગેની માહિતી મુજબ ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર ભવાનીનગરમાં રહેતી સોનલબેન લાલાભાઈ આહીર નામની ૨૪ વર્ષની પરિણીતાએ પોતાના ઘરે હતી ત્યારે ફીનાઈલ પી લીધું હતું ત્યારે શાપરમાં રહેતી અનિતાદેવી લાલશાહ પ્રસાદ નામની ૩૫ વર્ષની પરણીતાએ કારખાનાની ઓરડીમાં વંદા મારવાનો ચોક ખાઈ લીધો હતો. બંને પરિણીતાને ઝેરી અસર થયા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

આ ઉપરાંત અન્ય બીજા

## ઘાંચીવાડમાં પતિએ પત્નીને મારમારતા સારવારમાં ખસેડાઈ

બનાવમાં ઘાંચીવાડમાં રહેતી ફાલ્ગુનીબેન નિખિલભાઈ ચૌહાણ નામની ૨૪ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી ત્યારે તેના પતિ નિખિલ ચૌહાણએ ઝઘડો કરી માર માર્યો હતો. પરિણીતાને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ન્યુ શક્તિ સોસાયટીમાં પહેલા માળેથી રમતા રમતા બાળક નીચે પટકાતા મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરના સામાકાંઠા વિસ્તારમાં પેડક રોડ પર આવેલી ન્યુ શક્તિ સોસાયટીમાં પહેલા માળે અગાસી ઉપરથી રમતા-રમતા દોઢ વર્ષની આડી નીચે પટકાતા તેનું ગંભીર ઈજા થતા મોત નીપજ્યું હતું. આ બનાવથી પરિવારજનોમાં ભારે ગમગીની છવાઈ જવા પામી હતી. પેડક રોડ પર ન્યુ રાક્તિ સોસાયટી શેરી નં.૧માં રહેતા કેતનભાઈ દામણીની દોડ વર્ષની પુત્રી ખુશી આજે બપોરે પહેલા માળે અગાસી ઉપર રમતી હતી. ત્યારે રમતા-રમતા અકસ્માતે અગાસી ઉપરથી નીચે પટકાતા તેને માથા અને શરીરના ભાગે ગંભીર ઇજા થવા પામી હતી. જેથી તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ સારવાર મળે તે પહેલા ★બાળકીનું મોત નીપજ્યું હતું. ઠરજ પરના તબીબે બાળકીને મૃત જાહેર કરતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. આ અંગે સિવિલ ચોકીના સ્ટાહે પ્રાથમિક નોંધ કરી બી ડીવીઝન પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક ખુશીના પિતા ઇમિટેશનનું કામ કરતા હોવાનું અને તેમને સંતાનમાં બે પુત્રી હોય જેમાં ખુશી સૌથી નાની હતી. પુત્રીના મોતથી પરિવારમાં ઘેરો શોક છવાયો છે.

# રિક્ષામાં મુસાફરના સ્વાંગમાં બેઠેલા બંટી-બબલીનું કારસ્તાનઃ વૃધ્ધને મારમારી લૂંટ ચલાવી

## ચુનારાવાડ પાસેથી રિક્ષામાં બેસી સાત હનુમાન જવાનું કહી લઈ ગયા બાદ બંટી-બબલીએ ચોટીલા ચાલકને મારમાર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**


રાજકોટમાં બંટી-બબલીએ મુસાફરના સ્વાંગમાં રીક્ષા ચાલકને ચોટીલા નજીક લઈ જઈ માર મારી રિક્ષા અને રોકડ પડાવી લીધી હોવાના આક્ષેપ સાથે રીક્ષા ચાલક વૃદ્ધને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

આ અંગેની મહિતી મુજબ સાધુવાસવાણી રોડ ઉપર આવેલા આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેલા રણજીતભાઈ રણછોડભાઈ મૂલિયાણા નામના ૬૩ વર્ષના વૃદ્ધ સાંજના સાતેક વાગ્યાના અરસામાં ચુનારાવાડ ચોક પાસે રીક્ષા લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા બંટી બબલી મુસાફરના સ્વાંગમાં રિક્ષામાં બેઠા હતા અને રિક્ષાને સાત હનુમાન તરફ લઈ ગયા હતા.

જ્યાં સાત હનુમાન નજીક પહોંચતા બંને શખ્સોએ રણજીતભાઈ મૂલીયાણાને માર માર્યો હતો. અને ધાકધમકી આપી રીક્ષા ચોટીલા તરફ આગળ ચલાવવા કહ્યું હતું. જે થી રણજીતભાઈ મૂલીયાણાએ રીક્ષા ચોટીલા નજીક લઈને પહોંચતા બંટી બબલીએ વૃદ્ધ રીક્ષા ચાલકને ઢોર માર મારી રીક્ષા અને એક હજારની રોકડની લૂંટ ચલાવી નાસી છૂટયા હતા. વૃદ્ધને ઇજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ અંગે થોરાળા પોલીસે નોંધ કરી રીક્ષા ચાલકને માર મારી લૂંટ ચલાવનાર બંટી બબલીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# હીરાસર એરપોર્ટ પરથી ઓકટોબર માસમાં આંતરરાષ્ટ્રીય ફલાઈટ ઓપરેટ થશેઃ કોંગ્રેસે આ નિર્ણયને પોતાની જીત ગણાવી આતશબાજી કરી





રાજકોટના હીરાસર એરપોર્ટ પરથી આંતરરાષ્ટ્રીય ફલાઈટ હમણા ઓપરેટ નહીં થઈ શકે તેવી જાહેરાત બાદ કોંગ્રેસના આક્રમક વલણ બાદ કેન્દ્ર સરકાર સફાળી જાગી હતી અને બે દિવસમાં જ પોતાનો નિર્ણય ફેરવી હવે હીરાસર એરપોર્ટથી ઓકટોબરમાં વિદેશી ફલાઈટ ઉડી શકશે તેવી જાહેરાત કરાયા બાદ કોંગ્રેસે આ નિર્ણયને પોતાની જીત ગણાવી બહુમાળી ભવન ચોક ખાતે ફટાકડા ફોડી આતશબાજી કરી હતી. આ કાર્યક્રમમાં કોંગ્રેસના અશોકસિંહ વાઘેલા,રોહિતસિંહ રાજપૂત,સુરેશ બથવાર,ડીપી મકવાણા,મયૂરસિંહ પરમાર,રણજીત મુંધવા,દિલીપ આસવાણિ,જીત સોની,યશ ભીંડોરા,રોનક રવૈયા,ગૌરવ પુજારા જોડાયા હતા.

# અંગ્રેજી માધ્યમની ૩ સરકારી શાળામાં ડ્રોથી પ્રવેશ

## મનપા સંચાલિત શિક્ષણ સમિતિની ૩ શાળામાં ગરીબ-મધ્યમ વર્ગના ૨૫ વિદ્યાર્થીઓને એડમિશન મળ્યા, હાલ ૫૧૫ વિદ્યાર્થીઓને અપાતું નિઃશુલ્ક શિક્ષણ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ હસ્તક ત્રણ અંગ્રેજી માધ્યમની શાળાઓ કાર્યરત છે તેમાં SNK ગૃપના J.H.P. FOUNDATION નાં સહયોગથી મધ્યમ ગરીબ વર્ગના બાળકોને ઉમદા, શ્રેષ્ઠ-ક્વોલિટીયુકત શિક્ષણ મળી રહ્યું છે. આ શાળામાં કોઈપણ પ્રકારની ફી લેવામાં આવતી નથી. આ ઉપરાંત પાઠય પુસ્તકો અને અન્ય શૈક્ષણિક સાહિત્ય આપવામાં આવે છે. ત્રણ શાળાઓ કવિ નર્મદ અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા (૩/૯ ગાયત્રીનગર, બોલબાલા માર્ગ), રવિન્દ્રનાથ ટાગોર અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા (સાધુ વાસવાણી માર્ગ) તથા ડો. હોમી જહાંગીર ભાભા અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા (દુધ સાગર માર્ગ)છે. તેમાં નર્સરીના પ્રવેશ માટે જે બાળકોના માતા-પિતા મારફત ફોર્મ જમા કરવામા આવેલ છે, તે તમામ છાત્રોને દર વર્ષની માફક પારદર્શક ડ્રો પદ્ધતિથી પ્રવેશ આપવા માટે આજે પ્રમુખ સ્વામી મહારાજ ઓડિટોરીયમ હોલ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામા આવેલ હતું. કાર્યક્રમમાં હાજર રહેલ નાની દીકરીઓના હસ્તે તમામ ચીઠ્ઠીઓ ખેંચાવામાં આવેલ હતી અને પ્રવેશ મેળવેલ દરેક વિદ્યાર્થીનું નામ જાહેર કરવામાં આવેલ. આ પ્રવેશ પ્રક્રિયામાં શાળા દિઠ ૧૩ દીકરીઓ અને ૧૨ દીકરાઓ એમ કુલ ૨૫ વિદ્યાર્થીઓને ડ્રો મારફત પ્રવેશ આપવામાં આવ્યો હતો.

રાજકોટની ત્રણેય અંગ્રેજી માધ્યમની સરકારી શાળાઓમાં નર્સરીથી શરૂ કરી ધોરણ-૮ સુધી વિના મૂલ્યે અતિ આધુનિક શિક્ષણ આપવામાં આવે છે. જેમાં દરેક વર્ગદિઠ માત્ર ૨૫ વિદ્યાર્થીઓને જ ડ્રો મારફત પ્રવેશ આપવામાં આવે છે. જેથી, તમામ બાળકો પર અંગત ધ્યાન આપી શકાય. ઉપરોક્ત અંગ્રેજી માધ્યમની શાળાની શરૂઆત વર્ષ-૨૦૧૨-૧૩થી માત્ર એક શાળા કવિ નર્મદ અંગ્રેજી માધ્યમ શાળાથી કરવામા આવેલ જેમાં વાલીઓનો અવિરત પ્રેમ અને લાગણીને ધ્યાને રાખી વર્ષ-૨૦૧૩-૧૪ દરમિયાન અન્ય ૨ શાળાઓ રવિન્દ્રનાથ ટાગોર અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા નં.-૬૪બી (વેસ્ટ ઝોન) અને ડો. હોમિ જહાંગીર ભાભા અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા નં.-૭૮ (ઈસ્ટ ઝોન) ની શરૂઆત કરવામાં આવેલ. ત્રણેય શાળાઓમાં હાલ ૨૫૫ કુમાર તથા ૨૬૦ કન્યા મળી કુલ ૫૧૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ વર્ષે ત્રણ શાળાઓ વચ્ચે કુલ-૫૨૧ ફોર્મનું વિતરણ કરવામાં આવેલ હતું. જેમાંથી ૪૬૪ ફોર્મ ભરાઈને પરત આવેલ હતા અને તમામ ચકાસણી બાદ ૨ ફોર્મની અરજીઓ અમાન્ય કરેલ અને કુલ ૪૬૨ અરજીઓ માન્ય કરવામાં આવેલ.

આ કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહેમાનોના હસ્તે દિપ પ્રાગટયથી કરવામાં આવેલ અને ત્યારબાદ તમામ મહેમાનો મંચ ઉપર બિરાજમાન થયેલ. મહેમાનોનું શાબ્દીક સ્વાગત શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમ પુજારા મારફત કરી કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવેલ. ઉપસ્થિત મહેમાનોને પ્રખ્યાત મહાનુભાવોના સુવિચાર સાથેના મોમેન્ટો આપી શિક્ષણ સમિતિના સભ્યો મારફત સન્માન કરવામાં આવેલ.

## એક કદમ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય તરફ

# પ્રાદેશિક માહિતી કચેરી અને જિલ્લા રોજગાર કચેરીના સંયુક્ત ઉપક્રમે "કારકિર્દી ઘડતર વિષયક" સેમિનાર યોજાયોઃ કરણસિંહજી હાઈસ્કૂલના ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ સરકારની વિવિધ યોજનાઓથી થયા અવગત

**મુખ્ય સમાચાર, રાજકોટ**





વિદ્યાર્થીકાળમાં શિક્ષણનું મહત્વ અમૂલ્ય છે. એવામાં શિક્ષણ સાથે સરકારનો સહયોગ મળે તો જાણે સોનામાં સુગંધ ભળે. ત્યારે વિદ્યાર્થીઓનું ભાવિ સુવર્ણ બનાવવાના હેતુસર રાજકોટ શહેરમાં આવેલી કરણસિંહજી હાઇસ્કુલ ખાતે પ્રાદેશિક માહિતી કચેરી અને જિલ્લા રોજગાર કચેરીના સંયુક્ત ઉપક્રમે "કારકિર્દી ઘડતર વિષયક" સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તકે સહાયક માહિતી નિયામકશ્રી પ્રિયંકાબેન પરમારે વિદ્યાર્થીઓએ વિનમ્રતા, શ્રેષ્ઠ શ્રોતા અને ઊંડાણપૂર્વક અભ્યાસના ગુણો કેળવવાની પ્રેરણા આપતા જણાવ્યું હતું કે, સરકારી યોજનાઓના લાભો અને સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભે ગુજરાત સરકારના વિવિધ પ્રકાશનો મહત્વના સાબિત થાય છે. જે વિદ્યાર્થીઓને શિક્ષણ, આરોગ્ય, રમતગમત, વિજ્ઞાન જેવા દરેક ક્ષેત્રની કલ્યાણકારી યોજનાઓની માહિતી તો આપે છે. સાથોસાથ ગુજરાતનો ઈતિહાસ, ભૂગોળ, લોકોત્સવો, મેળાઓ, નૃત્યો જેવી ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરે છે.

તેમણે જણાવ્યું હતું કે, માહિતી અને પ્રસારણ વિભાગ ગુજરાત સરકાર અને જાહેર જનતાને જોડાતા સેતુ સમાન છે. માહિતી વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી એવા રોજગાર સમાચાર, ગુજરાત પાક્ષિક અને કારકિર્દી વિશેષાંક નિયમિત રીતે પ્રકાશિત કરાય છે. ત્યારે વિદ્યાર્થીઓએ આગળના અભ્યાસ અને વ્યવસાય માટે સરકારના પ્રકાશનનો મહત્તમ લાભ લેવા કહ્યું હતું.

આ ઉપરાંત, રોજગાર કચેરીના અધિકારીશ્રી રાજેશભાઈએ વિદ્યાર્થીઓને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા કચેરીની વેબસાઈટ, ભરતી મેળાઓ, વિદેશ અભ્યાસ ઉપરાંત આર્મી, નેવી, અગ્નિવીરની ભરતીઓ જેવી રોજગાર સંબધી જાણકારીથી અવગત કર્યા હતા. તેમજ વિદ્યાર્થીઓને અભ્યાસ પૂર્ણ કર્યા બાદ રોજગાર મેળવવા માટે સરકારના એમ્પ્લોયમેન્ટ કાર્ડ કઢાવી લેવા અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક કારકિર્દીમાં ઉપયોગી સ્પર્ધાત્મક પરીક્ષાઓના સાહિત્ય અને રોજગાર વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાળકોને સરકારની સહાયથી શ્રેષ્ઠ કારકિર્દી ઘડીને પોતાના સપનાઓને સાકાર કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. તેમજ શિક્ષકોને કલ્યાણકારી યોજનાઓની પુસ્તિકાઓ ભેટ આપી હતી. આ કાર્યક્રમમાં અંદાજે ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, રોજગાર સમાચારનું વાર્ષિક લવાજમ રૂ. ૩૦ અને ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રૂ. ૫૦ છે. ત્યારે નજીવા દરે લવાજમ ભરવા ઇચ્છુકો પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ, જયુબિલી બાગ ખાતે સંપર્ક સાધી શકે છે.

આ કાર્યક્રમમાં રોજગાર કચેરીના ઓવરસીસ કાઉન્સિલરશ્રી અમિતભાઈ ચૌહાણ, શાળાના આચાર્યશ્રી ટી. ટી. ચોવટીયા, શાળા સલાહકારશ્રી ભાવનાબેન ભોજાણી, માહિતી મદદનીશશ્રી રિધ્ધિબેન ત્રિવેદી, શિક્ષકોશ્રી એમ. આર. ચાવડા, વી. કે. હુંબલ, શ્રી એમ. એમ. મુછડીયા, જલ્પાબેન તન્ના, એ.ડી.વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.

# જસદણના પટેલ અગ્રણીઓએ રાજકોટ ખાતે સાંસદ પુરષોતમ રૂપાલા તથા રામભાઈ મોકરીયા સાથે શુભેચ્છા મુલાકાત કરી





**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**

**જસદણ:** જસદણના અગ્રણી ડાયમંડ ઉધોગપતિ રૂડાભાઈ ભવનભાઈ ભાયાણી ની આગેવાનીમાં જસદણ શહેર પંથકના પટેલ સમાજ ના અગ્રણી આગેવાનોએ રાજકોટ ખાતે પૂર્વ કેન્દ્રીય મંત્રી તથા રાજકોટ લોકસભાના સંસદ સભ્ય પુરુષોત્તમભાઈ રૂપાલા તેમજ રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા સાથે રાજકોટ ખાતે ખાસ શુભેચ્છા મુલાકાત કરી હતી જસદણના અગ્રણી ડાયમંડ ઉધોગપતિ તેમજ પર્યાવરણ પ્રેમી દાતા રૂડાભાઈ ભગતની આગેવાનીમાં પાટીદાર સમાજના અગ્રણી ચંદુભાઈ કચ્છી વિનુભાઇ ધડૂક મનસુખભાઈ ડામસિયા ઘનશ્યામભાઈ સતાણી વલ્લભભાઈ ખાખરીયા ગજેન્દ્રભાઈ રામાણી સહિત જસદણ શહેર તાલુકાના પાટીદાર સમાજના આગેવાનો એ સાંસદ રૂપાલા સાંસદ મોકરીયા સાથે રૂબરૂ મુલાકાત લઈ અને શુભેચ્છા પાઠવેલ હતી આત કે રૂપાલા એ પણ બહુ જ ઉમળકાભેર પાટીદાર સમાજના આગેવાનોને આવકાર આપી અને આવનાર સમયમાં જસદણ તાલુકામાં સાથે રહીને વિકાસના કાર્યો કરવા માટે સાથે મળી અને શહેરો પુરુષાર્થ કરીશું તેવી ખાતરી આપેલ હતી

# લોધિકામાં જુગારનો અખાડો પકડાયો : ૧૨ શખ્સોની ધરપકડ

## સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી રૂરલ એલસીબીની ટીમે દરોડો પાડી રૂ.૫.૪૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

લોધિકામાં આવેલ પટેલ સમાજની વાડી પાસે ચાલતા જુગારના અખાડા પર રૂરલ એલસીબીની ટીમે દરોડો પાડી રૂ.૫.૪૬ લાખના મુદ્દામાલ સાથે ૧૨ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે.

આ અંગેની માહિતી મુજબ લોધિકામાં આવેલ પટેલ સમાજની વાડી પાસે ખેતરમાં સુરેશ સવજી સાકરીયા નામનો શખ્સ બહારથી માણસો બોલાવી પોતાના આર્થિક ફાયદા માટે જુગારનો અખાડો ચલાવતો હોવાનો હકીક્ત રૂરલ એલસીબી ટીમને મળતા પીઆઈ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઈ એચ.સી.ગોહિલ, એએસઆઈ બ્રીજરાજસિંહ સહિતના સ્ટાફે સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી



ઉપરોક્ત સ્થળે દરોડો પાડતા જુગાર રમતો ચિભડા ગામનો ધીરૂ ચકુ ટીબડીયા, વિશાલ મનસુખ વાઘેલા, પુજા વિશાલ વાઘેલા, ચંદુ રત્ના રાદડીયા, સુરેશ રામજી વાઘેલા, મોટાવડા ગામનો દશરથસિંહ ઉર્ફે પિન્ટુ બહાદુરસિંહ જાડેજા, ત્રાકુડા ગામનો ગોપાલ ઉર્ફે રવિ રમેશ સાકરવાડિયા ચુડા તાલુકાના વેજલકા ગામનો જગદિશ ઉર્ફે જગો બટુક કાલિયા રાજકોટના શાસ્ત્રીનગરનો રમેશ ધનજી બોખાણી, અક્ષયનગરનો આનંદ રણછોડ પરમાર તથા જુગારના અખાડાનો સંચાલક સુરેશ સવજી સાકરીયા સહિત ૧૨ શખ્સોને દબોચી લઈ જુગારના પટમાંથી રોકડા રૂ.૨.૭૧ લાખ આઠ મોબાઈલ, ચાર વાહનો સહિત કુલ રૂ.૫.૪૬ લાખનો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ઓડીયો વાયરલ થયા બાદ કથીત મનપા મહિલા અધિકારી સામે કાર્યવાહી કરવા તજવીજ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાયરલ થનાર ઓડિયોમાં પોતે મહાપાલિકાની ઓફિસર હોવાનો દાવો કરનાર મહિલાએ મનપાના નામનો દુરૂપયોગ કર્યો હોય તેની સામે પોલીસ ફરિયાદના આદેશ કર્યા હોવાની વિગતો સામે આવી છે

હોટલ સંચાલક સાથે મનપાએ મારેલા સીલ ખોલી નાખવા અંગે વાતચીતમાં અમિષા વૈદ્ય નામની મહિલાએ એવો દાવો કર્યો હતો કે પોતે મનપાની અધિકારી છે

અને કમિશનર તેને ફોન કરીને બોલાવે છે. ડીએમસી નંદાણી મને હાથ જોડતા મેસેજ મોકલે છે. રેસ્ટોરાના સીલ ખોલી નાખવા માટે કાર્યવાહી થઈ શકશે. કોઈએ તો બારોબાર પણ સીલ ખોલી નાખ્યા છે અને તેની ફરિયાદ પણ કરાઈ છે. આ મહિલા મહાપાલિકાની ઓફિસર નહિ હોય આમ છતા તેના નામે વાતચીત કરીને ખોટી રીતે મહાપાલિકાના નામનો દુરૂપયોગ કરી રહી છે અને તેની સામે ફરિયાદ કરવા માટે ટી.પી. વિભાગને આદેશ કર્યો છે.

# કુવાડવા પોલીસની બેદરકારી સામે સી.પી. લાલઘુમઃ યુવાનના મોતની તપાસ એલસીબીને સોંપાઈ

## ઝડપાયેલા શખ્સ પાસે પોલીસ ઘટનાનું રીકન્ટ્રકશન કરાવશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવાગામમાં અંદાજે સવા બે માસ પહેલા એક તરુણના મોત મામલે નવો જ ખુલાસો થયો હતો અને પોલીસે કુવાડવા રોડ પોલીસે સાપરાધ મનુષ્યવધની કલમ હેઠળ ફરિયાદ નોંધી આરોપીની ધરપકડ કરી આ મામલે ગોડાઉનના માલિકની પણ બેદરકારી સામે આવશે તો પુરાવા એકત્ર કર્યા બાદ તેની પણ ધરપકડ કરવામાં આવશે. બીજી તરફ આ મામલો તપાસ કરતી કુવાડવા પોલીસ પાસેથી તપાસ છીનવી લેવામાં આવી છે અને આ અંગેની તપાસ એલસીબી ઝોન-૧ને સોપવામાં આવી છે. ભીજી તરફ કુવાડવા પોલીસ દ્વારા બે મહિના સુધી આ બનાવ ઉપર ઢાંક પીછોડો કરવામાં આવ્યો હોય જેને લઈને પોલીસ કમિશ્નરે કુવાડવા પોલીસ સામેની તપાસ એસીપી સોંપી છે અને બે દિવસમાં આ અંગેનો રિપોર્ટ કરવા હુકમ કર્યો છે.




વધુ વિગતો મુજબ, સંત કબીર રોડ પરનાં ગોકુલનગર શેરી નંભર ૫માં રહેતા હર્ષિલ ગોરી (ઉ.૧૭) ધરખર્ચ કાઢવા માટે એકાદ વર્ષ પહેલા નવાગામ (આણંદપર)માં પંચાયત ઓફિસ સામે આવેલ નારાપણ પેરાજનામની ટ્રાન્સપોર્ટ પેઢીની ઓફિસમાં કામે લાગી ગયો હતો. જયાં ગઈ તા. ૧મેના રોજ રાત્રે તે કામ કરતો હતો ત્યારે અચાનક બેભાન બની જતાં તેને સિવિલમાં ખસેડાયો હતો. જયાં ફરજ પરનાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. તે વખતે તેનાં શેઠ શિવજીભાઈએ હર્ષિતલનાં પરિવારજનોને એમ કહ્યું કે, હર્ષિલ બેભાન થઈ ગયો હતો અને તેનું હાર્ટએટેકથી મોત થયાનું કુવાડવા રોડ પોલીસને જણાવાતાં તેનો સ્ટાહે અકસ્માતે મોતની નોંધ કરી તપાસ પૂરી કરી નાખી હતી. પરિવારજનોએ વાત સાચી માની હર્ષિલની અંતિમવિધિકરી નાખી હતી. હર્ષિલનાં માતા પિતાએ પણ હાર્ટએટેકથી મોત થયાનું માની લીધું હતું.

- કુવાડવા રોડ પોલીસે તેમના નિવેદનો પણ લીધા હતાં. બાદમાં હર્ષિકા જયાં નોકરી કરતો હતો ત્યાંથી પરિવારજનો પેન ડ્રાઈવમાં સીસીટીવી ફુટેજ લઈ આવ્યા હતાં. સીસીટીવી ફુટેજ ચેક કરતાં જોવા મળ્યું કે, બનાવના દિવસે તેનો પુત્ર હર્ષિલ અને તેની સાથે જ નોકરી કરતો સુશિલે આવેશમાં આવી પોતાનાં હાથમાં રહેલા મોબાઈલ ફોનનો હર્ષિલ તરફ પા કરતાં જ તે ઓફિસનાં પગથીયા પરથી નીચે પટકાઈ ગયો હતો. આ ઘટનાને લઈ તપાસ કરતા હર્ષિલ બેલેન્સનું બ્રેઈન હેમરેજ થવાથી મોત થયાનું પોલીસમાંથી જાણવા મળ્યું હતું. પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા સમક્ષ કરેલી ફરિયાદ બાદ આ મામલામાં હર્ષિલનાં પિતાની હરિયાદ પરથી સાપરાય મનુષ્યવધની કલમ હેઠળ ગુનો નોંધી આરોપી સુશિલ ઉર્ફે સુનિલ સુખાભાઈ હેરભા (ઉં.વ. ૨૪, રહે, રાજલક્ષ્મી સોસાયટી, મોરબી રોડ)ની અટકાયત કરી હતી. પોલીસ કમિશ્નરે આ બનાવની તપાસ કુવાડવા પોલીસ પાસેથી આંચકી લઈ આ અંગેની તપાસ એલસીબી ઝોન-૧ને સોંપી છે.

પીએસઆઈ બોરીસાગર અને તેમની ટીમે આ ઘટનાની ઉલટ તપાસ શરૂ કરી છે. જેમાં મૃતકના પરિવારજનોએ કરેલા આક્ષેપમાં આ મામલે ગોડાઉન માલીકની પણ સંડોવણી હોવાનો આક્ષેપ કરાયો હોય ત્યારે એલસીબીની તપાસમાં ગોડાઉન માલિક શિવજી સામે પણ કાર્યવાહી કરી તેની ધરપકડ કરવામાં આવશે. તેમજ આ ઘટનામાં કુવાડવા પોલીસની બેદરકારી સામે આવી હોય જેને લઈને પોલીસ કમિશ્નરે કુવાડવા પોલીસ સામેની ખાતાકીય તપાસ માટે એસીપી ભારૈયા તપાસ સોંપી છે અને બે દિવસમાં આ અંગેનો રિપોર્ટ કરવા હુકમ કર્યો છે. રિપોર્ટ આવ્યા બાદ કુવાડવા પોલીસના જવાબદાર સામે પગલાં ભરાશે.

# મોરબીના યુવાનને મરવા મજબુર કરનાર મિઝોરમની યુવતીની ધરપકડ

## અમદાવાદના પોલીસમેન સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાયા બાદ પોલીસે કાર્યવાહી હાથ ધરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સીરામીક સીટીમાં રહેતા મૂળ ટંકારાના લજાઈ ગામના ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની ગાડીનો વ્યવસાય કરતા પરણિત યુવાનને સ્પામાં કામ કરતી મિઝોરમની યુવતી સાથે પ્રેમ સંબંધ બંધાયા બાદ મિઝોરમની આ યુવતીના ત્રાસને કારણે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા આ ચકચારી બનાવમાં મૃતકના ભાઈએ સ્યુસાઈડ નોટને આધારે પોતાના ભાઈને મરવા મજબુર કરનાર યુવતી, અમદાવાદના પોલીસ કર્મચારી તેમજ ગાડી ગીરવે રાખી પૈસા આપનાર કોયલી ગામના શખ્સ વિરુદ્ધ યુવાનને મરવા મજબુર કરવા અંગે ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ ટંકારા તાલુકાના લજાઈ ગામે રહેતા મુકુંદભાઈ નટવરભાઈ મકવાણાએ મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં ચોંકાવનારી ફરિયાદ નોંધાવતા જાહેર કર્યું હતું કે,



મોરબી સીરામીક સિટીમાં રહેતા તેમના નાનાભાઈ ધ્રુવ નટવરભાઈ મકવાણાએ ગઈકાલે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૃતક ધ્રુવભાઈના અગાઉ લગ્ન થઈ ગયા હતા પરંતુ મોરબીમાં સ્પામાં કામ કરતી મિઝોરમની મારિયા નામની યુવતી સાથે પ્રેમ થઈ જતા તેમના પત્ની પિયર ચાલ્યા ગયા હતા અને ધ્રુવભાઈ મારિયા સાથે સીરામીક સીટી ફ્લેટમાં રહેતો હતો. મુકુંદભાઈએ આ ઘટનામાં પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, આપઘાત કરતા પહેલા ધ્રુવે તા.૧૦ જુલાઈના રોજ ફોન કરી પૈસાની જરૂરત હોવાનું જણાવ્યું હતું. સાથે જ મારિયાએ અમદાવાદ ખાતે પોતાનું અપહરણ થયાની ખોટી ફરિયાદ કરવાનું કહી થલતેજના લાલજી ભરવાડ નામના પોલીસ કર્મચારી સાથે મળી પૈસા પડાવવા પ્રયત્ન કરતા કોયલી ગામના વિશાલ બોરીચા પાસે ગાડી ગીરવે મૂકી પૈસા લીધા હોય પૈસાની ખેંચ પડી હોય તાત્કાલિક પૈસા મોકલવા કહેતા મુકુન્દભાઈએ ૬૦૦૦ રૂપિયા ગુગલ પે કર્યા હોવાનું અને બાદમાં ધ્રુવભાઈએ આપઘાત કરી લીધો હોવાથી તેમને મરવા મજબુર કરનાર મિઝોરમની મારિયા, અમદાવાદના લાલજી ભરવાડ અને કોયલીના વિશાલ બોરીચા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા આ ચકચારી બનાવમાં પોલીસે ગુન્હો નોંધી યુવતીની ધરપકડ કરી તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

# બોલબાલા રોડ પર સ્વિફટ કારમાં ૧૮૦ બોટલ વિદેશી દારૂ સાથે બુટલેગરની ધરપકડ

## ડીસીપી ઝોન-૧ એલસીબી ટીમે કાર સહિત રૂ.૨.૯૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના કોઠારિયા રોડ પર પેટ્રોલિંગ દરમિયાન ડીસીપી ઝોન-૧ એલસીબી ટીમે જલજીત હોલ પાસે સ્વિફટ કારમાં વિદેશી દારૂના જથ્થા સાથે કાલાવડ તાલુકાના મોરીલા ગામના બુટલેગરના દબોચી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન-૧ એલસીબી ટીમના પીએસઆઈ બી.વી.બોરીસાગર હેડ કોન્સ્ટેબલ વિજેનસિંહ, મનરૂપગિરી, સત્યજીતસિંહ, દિવ્યરાજ સિંહ સહિતનો સ્ટાફ કોઠારિયા રોડ પર



જલજીત હોલ પાસે પેટ્રોલિંગમાં હતા ત્યારે એક સ્વિફટ કાર નં.જીજે૩ ઈઆર૪૩૧૭નંબરની સંકાસ્પદ રીતે નિકળતા પોલીસે તેનો પીંછો કરી બોલબાલા રોડ પર અટકાવી કારની તલાસી લેતા અંદરથી ૧૮૦ બોટલ વિદેશી દારૂ કિંમત રૂ.૯૦ હજાનો મળી આવતા કારનો ચાલક મહિપાલસિંહ મહેનસિંહ જાડેજા (રહે.કાલાવડ તાલુકાના મોરીલા ગામ હાલ ક્વાલમ ક્વાર્ટર યુનિવર્સિટી રોડ) નામના શખ્સની ધરપકડ કરી કાર સહિત રૂ.૨.૯૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# મનપાના પૂર્વ ટીપીઓ સાગઠીયાના કાર્યકાળ દરમ્યાન થયેલી કામગીરીનું એસીબી ક્રોસ વેરીફીકેશન કરશે

## એસીબીની ટીમના મહાનગરપાલિકાની કચેરીમાં ધામાઃ ટીપી. પ્રોજેકટ, ડેવલોપમેન્ટ પ્લાનની યોજના સહિતની ફાઈલો ચેક કરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગેમઝોન કાંડમાં જેલવાસમાં રહેલા મહાપાલિકાના પૂર્વ ટી.પી.ઓ. સાગઠીયાના કાર્યકાળમાં થયેલી કામગીરીની વિગતો માગવા માટે એન્ટી કરપ્શન બ્યુરોના અધિકારીઓ મનપા ખાતે આવ્યા હતા. મનપાના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરીને તેમણે ટી.પી. અને પ્લાન પાસ તેમજ ઈમ્પેકટ યોજનામાં થયેલી કામગીરીની વિગતો



માગી હોવાનું જાણવા મળે છે.

મનપાના સૂત્રોએ કહ્યું હતું કે, મનપા પાસેથી અગાઉ પણ જૂદા જૂદા વિભાગોમાંથી વિગતો એકત્ર કરીને અધિકારીઓ તપાસ માટે લઈ ગયા છે. હવે ટી.પી.માં સાગઠીયા મુખ્ય અધિકારી બન્યા ત્યારથી કરવામાં આવેલી કામગીરીની વિગતો માંગવામાં આવી છે. એન્ટી કરપ્શન વિભાગના અધિકારીઓને સાગઠીયાની પૂછપરછમાં મળેલી વિગતો અને તેના ક્રોસ ચેક માટે વધારાની માહિતી મનપા પાસેથી માંગવામાં આવી રહી છે. સાગઠીયા ૧૯૯૫થી મહાપાલિકામાં ફરજ બજાવી રહ્યા છે અને ૨૦૧૫થી તેઓ

ઈન્ચાર્જ ટાઉન પ્લાનીંગ ઓફિસર બન્યા હતા. ૨૦૧૫થી ૨૦૨૩ સુધી કાર્યકારી અધિકારી રહ્યા બાદ ૨૦૨૩માં તેમની રેગ્યુલર નિયુક્તિ કરવામાં આવી હતી. એક વર્ષથી તેઓ ટી.પી.ઓ. હતા. તેમના ટી.પી.ઓ. તરીકેના ૧૦ વર્ષના લાંબા કાર્યકાળ દરમિયાન અનેક મહત્વના પ્રોજેક્ટ ટી.પી. શાખામાં થયા છે. એક ડેવલોપમેન્ટ પ્લાન પણ આખો મંજૂર થયો છે. ટી.પી.ની એક ડઝનથી વધુ યોજનાઓ પણ ડ્રાફ્ટ થઈ છે. આ તમામ વિગતો એ.સી.બી. તરફથી એકત્ર થઈ રહી છે.મનપાના સૂત્રોએ કહ્યું હતું કે, અમે જેટલી ઉપલબ્ધ હતી તે વિગતો આપી છે અને વધારાની વિગતો અમે પણ એકત્ર કરી રહ્યા છીએ. જે હવેપછી સૂપ્રત કરાશે.

# સોશ્યલ મીડિયા પર ઈન્ચાર્જ આરટીઓ વિશે એલફેલ લખનાર સામે ફરિયાદ

## મોરબી રોડ પર રહેતા શખ્સે મેસેજમાં ટવીટ કર્યુ કે ઈન્ચાર્જ આરટીઓ ઓફિસર મોતનો સૌદાગર છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં આરટીઓ અધિકારીને બદનામ કરવા અંગે ફરિયાદ નોંધાઈ છે શહેરના રેસકોર્સ સામે સરકારી ક્વાટરમાં રહેતા ઇન્ચાર્જ આરટીઓ ઓફિસર કેતનકુમાર મથુરભાઈ ખપેડ ઉ.૩૪એ મોરબી રોડ સેટેલાઈટ ચોકમાં પાવન પાર્કમાં રહેતા સંજયભાઈ શાંતિલાલ ધૂળકોટીયા સામે સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત ૧ જુનના રોજ હું કચેરીએ હતો ત્યારે અમારી ઓફિસનું ટ્વીટર એકાઉન્ટ ચેક કરતા બીપીન જોષી નામની આઈડી પરથી મારા નામનો ઉલ્લેખ કરી અમારી આરટીઓ ઓફીસ ખાતે તમામ સરકારી કામ માટે અલગ અલગ રૂપિયા લેવામાં આવતા હોય છે તથા ઓફિસમાં ભ્રષ્ટાચાર થાય છે તેવું ટ્વીટ કરેલું હતું તેમજ ચિરાગ પરમારની આઈડીમાંથી આરટીઓ ઓફીસ રાજકોટ ખાતે કામ માટે પૈસા લેવામાં આવે છે, કચેરીમાં પબ્લીકનો ડેટા સેફ નથી તથા આરટીઓ અધિકારી કે એમ ખાપડ ગરીબોના મોતનો સૌદાગર છે તેમજ અલગ અલગ કામ માટે રૂપિયા ભ્રષ્ટાચાર દ્વારા લેવામાં આવે છે તેવું ટ્વીટ કરેલું હોય આ ટ્વીટમાં કોઈ તથ્ય ન હોયઓનલાઈન અરજી કરી હતી જેની તપાસ કરતા આ બંને આઈડી મોરબી રોડ ઉપર રહેતા સંજયના મોબાઈલમાંથી ઓપરેટ થતા હોવાનું જાણવા મળતા હેડ કોન્સ્ટેબલ દીપક પંડિતે ગુનો નોંધી આગળની તપાસ પીઆઈ કે જે મકવાણાને સોપી છે.

# રત્નદીપ સોસાયટીમાં કપડા ધોતી વેળાએ પગ લપસી જતા મહિલા નીચે પટકાતા મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં પેડક રોડ ઉપર આવેલી રત્નદીપ સોસાયટીમાં રહેતી પરિણીતા વહેલી સવારે વોશિંગ મશીનમાં કપડાં ધોતી હતી ત્યારે અકસ્માતે પગ લપસતા પરિણીતા પટકાઈ હતી. પરિણીતાને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર મળે તે પૂર્વે જ મોત નીપજ્યું હતું.



પરિણીતાના મોતથી ત્રણ બાળકોએ માતાની મમતા ગુમાવતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ પેડક રોડ ઉપર આવેલી રત્નદીપ સોસાયટીમાં રહેતી દીપ્તિબેન જયેશભાઈ પરમાર નામની ૩૮ વર્ષની પરિણીતા સવારના પાંચેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતી. ત્યારે અકસ્માતે લપસી પડતા તેણીને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. પરિણીતાને બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં પરિણીતાની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક પૂછપરછમાં મૃતક દીપ્તિબેન પરમારને સંતાનમાં ત્રણ પુત્ર છે. દીપ્તિબેન પરમારના પતિ ઘરઘંટી ચલાવે છે. દીપ્તિબેન પરમાર વહેલી સવારે ઊઠીને વોશિંગ મશીનમાં કપડાં ધોતા હતા ત્યારે અકસ્માતે પગ લપસી પડતા પટકાયા હતા અને બેભાન હાલતમાં ઢળી પડયા હતા. તે દરમિયાન દેરાણી અલ્પાબેન જાગી જતા તાત્કાલિક પરિવારને જાણ કરી દિપ્તીબેન પરમારને હોસ્પિટલે ખસેડયા હતા પરંતુ સારવાર કારગત નીવડે તે પૂર્વે જ મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે બી ડિવિઝન પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રેમ લગ્ન કરનાર યુવાનને સાસરિયાઓએ ધમકી આપતા આપઘાતનો પ્રયાસ કર્યો

## ૧૦ માસ પહેલાં જ લવ મેરજ કર્યા'તાઃ એસિડ પી લેનાર યુવકને સારવારમાં ખસેડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં મવડી ચોકડી નજીક રહેતા યુવાને ૧૦ માસ પૂર્વે પ્રેમ લગ્ન કર્યા હતા પ્રેમ લગ્ન બાદ યુવતીના પરિવારની ધાક ધમકીથી કંટાળી યુવાને એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ મવડી ચોકડી પાસે આવેલી માર્કેટ નજીક રહેતા સુનીલ અજયભાઈ પરમાર નામનો ૨૧ વર્ષનો યુવાન માલવીયાનગર પોલીસ સ્ટેશન સામે આવેલા ગણપતિ દાદાના મંદિર પાસે હતો ત્યારે એસિડ પી લીધું હતું. યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ



હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરતા માલવીયાનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

પ્રાથમિક પૂછ પરછ માં આપઘાતનો પ્રયાસ કરનાર સુનિલ પરમાર બે ભાઈ બે બહેનમાં મોટો છે અને ભંગારની ફેરી કરી પરિવારને આર્થિક મદદ કરે છે સુનીલ પરમારે જામનગરના જોગવડ ગામની ગામની કિરણબેન સાથે દસ મહિના પહેલા પ્રેમ લગ્ન કર્યા હતા જે પ્રેમ લગ્ન બાદ કિરણબેનના પરિવારની ધાક ધમકીથી કંટાળી સુનીલ પરમારે એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે માલવીયાનગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગોંડલના ડૈયા ગામનો વેપારી મહિલાની મોહમાયામાં પડધરી પંથકમાં લૂટાયો

## પડધરીના ખજુરડી ગામના યુવાનને પોલીસના નામે ધમકાવી મહિલા સહિત ત્રણ શખ્સો રૂપિયા એક લાખની મતા લૂટી ગયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

પડધરી તાલુકાના ખજુરડી ગામે એક વેપારીને મહિલાએ પૂર્વ આયોજિત કાવતરૂ રચી મળવા બોલાવી બાદમાં અજાણ્યા બે શખ્સોએ પોલીસના નામે ધમકાવી રૂપિયા એક લાખથી વધુની મતા બળજબરીથી કઢાવી નાસી જતા ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ગોંડલ તાલુકાના ડૈયા ગામે રહેતો અને વેપાર કરતો નિતેશકુમાર ખીમજીભાઈ રાઠોડ (ઉ.વ.૪૦) નામના યુવાને પડધરી પોલીસમાં એક અજાણી મહિલા અને બે અજાણ્યા પુરુષ વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, આ મહિલા સહિત ત્રણ શખ્સે પૂર્વ આયોજિત કાવતરૂ રચી તોડ કરવા માટે આ અજાણી મહિલાએ વેપારીને વોટસએપ કોલ કરી સેવાભાવનું કામ કરીએ છીએ તેવુ ખોટુ જણાવી મળવા માટે મહિલાએ પડધરીના ખજૂરડી ગામે બોલાવ્યો હતો. વેપારી મળવા જતા અગાઉથી જ નક્કી ક્ર્યા પ્રમાણે બે શખ્સો ત્યાં પહોંચી ગયા હતા. અને કહેલ કે, આ મહિલા ડ્રગ્સનો ધંધો કરે છે. તું એની સાથે આવ્યો છો ડ્રગ્સના કેસમાં ફસાવી દેવો છે તેમ પોલીસના નામે ભય બતાવી યુવાનને ગાડીમાં બેસાડી રૂ.૪૨ હજાર રોકડા ગળામાં પહેરેલ રૂ.૧૨ હજારનો ચેઈન સંબંધીઓ પાસેથી રૂ.૩૫ હજાર ગુગલપે કરાવી અને રૂ.૧૯ હજારનો મોબાઈલ સહિત કુલ રૂપિયા એક લાખથી વધુ મુદ્દામાલ બળજરીથી કઢાવીને નાસી ગયા હોય જેથી પડધરી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ જી.જે.ઝાલાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**